# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ
મા
ૐ




ૐ
મા
ૐ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ।।

(વર્ષ ૧૯) એપ્રિલ - ૨૦૦૦ (અંક ૧)

|| ૐ મા ૐ ||　　|| જય ગાયત્રી મા ||　　|| ૐ મા ૐ ||

વર્ષ : ૧૯
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૨૦૦૦

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

t

z પ્રકાશક z
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | વિશ્વશાંતિમાં આપનું યોગદાન | |
| ૨. | આવતી સદીના વધામણાં | ૧ |
| ૩. | સ્વાગતમ્ શ્રધ્ધેય | ૨ |
| ૪. | અદ્વૈતનો અનુભવ કરી શકાશે | ૫ |
| ૫. | ઉપાસના દિન - ૯૯ અહેવાલ | ૧૦ |
| ૬. | દિવ્ય સ્વપ્નાનુભૂતિ | ૧૧ |
| ૭. | ગરબો-શ્રધ્ધાના ચોકે, માડી ગરબે રમોરે | ૧૪ |
| ૮. | શ્રધ્ધામાં દુર્ગાષ્ટમીના ઉજવણી-અહેવાલ | ૧૫ |
| ૯. | અનોખું તર્પણ અને શ્રધ્ધા યાત્રા | ૧૬ |
| ૧૦. | સહજ ઉપાસનાના ઉદ્ગાતા - ક્રમશઃ | ૧૯ |
| ૧૧. | મહાશિવરાત્રી | ૨૪ |
| ૧૨. | શિવજીને સમર્પિત થઈએ | ૨૫ |
| ૧૩. | પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ - નાગપુર જીલ્લો | ૨૬ |
| ૧૪. | મહાશિવરાત્રી પ્રશ્નોત્તરી | ૨૭ |
| ૧૫. | પૂજ્ય રાજયોગીનો વિદેશ કાર્યક્રમ | ૨૮ |
| ૧૬. | સમાચાર | ટાઈટલ-૩ |
| | | ટાઈટલ-૪ |


ૐ મા ૐ

visit us at :
**www.rajyoginarendrgi.com**

# (૧) "વિશ્વ શાંતિમાં આપનું યોગદાન'

*તા. ૩૧-૧૨-૧૯૯૯* *પૂ. રાજયોગીજી*

"હેપી મિલેનીયમ", "હેપી ન્યુ ઈયર" વિગેરે શુભેચ્છાઓ સાથે આપણે નૂતન સદીને, નૂતન વર્ષને આવકારીએ છીએ અને કામના કરીએ છીએ કે, નૂતન સદી, એકવીસમી સદી સૃષ્ટિના સર્વ જીવો માટે સુખમય, શાંતિમય, આનંદમય પસાર થાય.

વિશ્વમાં ઘણા માનવીઓએ નૂતન સદીનો પ્રારંભ, ચિરંજીવ યાદગાર બની રહે તે રીતે ભૌતિક સાધન, સંપત્તિના માધ્યમ દ્વારા ઉત્સાહભેર એકલા કે મિત્રવર્તુળ, આત્મિયજનોના સાથ સહકારથી ઉજવી હશે.

નૂતન સદીની મંગળ ઘડી આવીને સરી પણ ગઈ, સમયના વહેણની સાથે મોજમસ્તી આનંદ અને સુખની ક્ષણો પણ વહી ગઈ. શરીર અને મનની તાજગી, તરવરાટ, સ્વસ્થતા ઓસરવા લાગ્યાં અને થકાવટ, તણાવનો અનુભવ મન અને શરીરને વર્તાવવા લાગ્યો. આનંદના હિલોળે ચઢેલા ઉત્સાહરૂપી ઉદધિમાં ઓટ આવવા લાગી. મનુષ્ય જીવનની ઘટમાળમાં પાછો ગોઠવાઈ ગયો. હેપી મિલેનીયમને સુખ, શાંતિ આનંદ અને માધુર્યમય બનાવવા આપણે સહુ ઈચ્છીએ છીએ. વિશ્વનો પ્રત્યેક માનવ તેના માનવસિધ્ધ અધિકાર સાથે સુખ, શાંતિ, સંતોષ અને આનંદથી તેનું જીવન પસાર કરે તેવી આપણે શુભ કામના કરીએ છીએ.

પરંતુ આપણી આ વિશ્વશાંતિની શુભ ભાવના ક્યારે અને કેવીરીતે શક્ય બને?

વિશ્વશાંતિ, માનવમનની શાંતિ, ભૌતિક સાધન, સંપત્તિથી હાંસલ કરી શકાય જ નહિ. તેના માટે તો આધ્યાત્મિક સાધનો જ સિધ્ધ પૂરવાર થઈ શકે, પ્રદુષિત થયેલા સૃષ્ટિના અને માનવ મનના વાયુમંડળને શુધ્ધ, સ્વચ્છ કરવાની જરૂર છે, માનવ મનમાં વ્યાપી રહેલા આસુરી, અશુભ વિચારોરૂપી ગંદવાડને સાફ કરવાની જરૂર છે.

વિશ્વ એ પરમાત્માનું સર્જન છે. માનવજાતે તેની આસુરી વૃત્તિઓને બહેકાવવા માટે ક્ષણિક આનંદ અને સુખ માટે સ્વ અને સૃષ્ટિના વાતાવરણને, વાયુમંડળને પ્રદુષિત કરી દીધુ, અસાત્વિક બનાવી દીધું.

***આપણે આ અસાત્વિકતાને, પ્રદુષણને દૂર કરવા આપણું યોગદાન આપીએ.***

**(૧) વિશ્વની પ્રત્યેક વ્યક્તિ ગમેતે ધર્મ, સંપ્રદાય કે મઝહબની હોય, વિશ્વશાંતિ માટે પોતાનો દ્રઢ સંકલ્પ કરે.**

**(૨) ૐ મા ૐ મંત્ર, કે પોતાના ઈષ્ટદેવનું નામ સ્મરણ સાથે જ દિવસની શરૂઆત કરીએ.**

**(૩) ૐ મા ૐ ના ઉચ્ચારણથી જ પ્રત્યેક કાર્યનો આરંભ અને સમાપ્તિ કરીએ.**

**(૪) આપણા વાણી, વિચાર કે ચર્ચાના વિનિમયનો આરંભ અને સમાપ્તિ ૐ મા ૐના ઉચ્ચારણથી જ કરીએ.**

**(૫) દિવસના સંધિકાળ-પ્રાત:કાળ, મધ્યાન્હકાળ અને સાયંકાળ સમયે ૐ મા ૐ ના ઉચ્ચારણથી વાયુમંડળને આંદોલિત કરીએ.**

**(૬) રાતે સૂતી વખતે ૐ મા ૐના રટણ સાથે જ નિદ્રાધીન થાવ.**

**(૭) નવરાશના સમયે મનને ૐ મા ૐ ના રટણમાં પ્રવૃત્ત કરી દો. ૐ મા ૐ ના ઉચ્ચારણથી વાયુમંડળને આંદોલિત કરી દો.**

**(૮) પરમાત્મા સતત મારી સાથે જ છે તેવો ભાવ કેળવી તેનો સતત અહેસાસ કરો.**

**(૯) વિશ્વશાંતિ માટે પરમાત્માને અહર્નિશ પ્રાર્થના કરો.**

**નૂતન સદીનો પ્રત્યેક દિવસ અને પ્રત્યેક દિવસની પ્રત્યેક ક્ષણ ૐ મા ૐ ના ઉચ્ચારણ- રટણથી આંદોલિત થશે** તો જ વાયુમંડળમાં પ્રસરેલ ઘોંઘાટ, અશુભ શબ્દો, અશુધ્ધ હવાને સાત્વિકતામાં પરિવર્તિત કરી શકાશે. માનવ મનને સાત્વિક આનંદ અને શાશ્વત શાંતિમાં પ્રવાહિત કરી શકાશે.

મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**॥ ૐ મા ૐ ॥**

## (૨) આવતી સદીનાં વધામણાં

*તપસ્વી નાન્દી*

આવતી સદીને ભારતમાં આપણે વેદમંત્રના ઉચ્ચારણથી આવકારીએ :

**॥ ૐ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયોયોન: પ્રચોદયાત ૐ॥**-‘પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગલોકમાં વ્યાપક એવા સૂર્ય એટલે કે સર્વના અંતર્યામી પ્રેરક પરમાત્માનાં ઉત્કૃષ્ટ આનંદદાયી તેજનું અમે ધ્યાન ધરીએ છીએ, જે તેજ અમારી બુધ્ધિને સત્માર્ગે-સત્કર્મમાં પ્રેરે છે.‘

शन्नोवातः पवताम्, शं न स्तपतु सूर्यः। शं नः कनिक्रदत् देवः,पर्जन्योऽभिवर्षतु - ઈશ્વરની કૃપાથી અમારા ઉપર સુખરૂપ વાયુ વાય, સુખરૂપ સૂર્ય તપો, તથા ગર્જના કરનાર વૃષ્ટિના અધિષ્ઠાતા દેવ સુખાકારી અનુકૂળ વૃષ્ટિ કરો.

अहानि शं भवन्तु नः शं रात्रीः प्रतिधीयताम् - ઈશ્વરની કૃપાથી અમારી રાત્રીઓ અને દિવસો સુખાકારી બનો. द्यौः शान्तिः , अन्तरिक्षं शान्तिः, पृथिवी शान्तिः, आपः ओषधयः शान्तिः।। वनस्पतयः शान्तिः, विश्वेदेवाः शान्तिः, सर्व शान्तिः , शान्तिरेव शान्तिः, सा मा शान्ति रेधि ।। - સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી, જળ, ઔષધિઓ, વનસ્પતિઓ, સર્વે દેવતાઓ, બ્રહ્મ, સર્વ જગત - આ બધામાં જે स्वतः शान्ति , સ્વસ્થ સુખમય સ્થિતિ છે, તે મારામાં હો. એ સર્વથી પ્રાપ્તિ થતી શાન્તિ મારા પ્રતિ હો. બધું જ પ્રાણીમાત્ર માટે શાન્તિદાયક બની રહો।।

दृते द्दंह मा । मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्ष्यन्ताम्। मित्रस्य अहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे, मित्रस्य चक्षुषा समीक्षामहे ।। - હે દેવ ! મને દઢ શરીરવાળો અને આત્મશ્રધ્ધાવાળો કરો. સર્વે પ્રાણીઓ શત્રુતા દૂર કરી મને મિત્રની આંખથી જુએ. હું પણ પ્રાણીમાત્રને મિત્રદષ્ટિથી નિહાળું. પરસ્પર કોઇનું પણ અહિત ન કરતાં અમે સહુ, ઇર્ષ્યા-દ્વેષ રહિત બની મિત્રતાની દષ્ટિથી એકબીજાને નિરખીએ !

मा विद्विषावहे है । આપણે અંદર અંદર દ્વેષ ન કરીએ !

આ સઘળી ભાવનાઓ સાથે આપણે આવતી સદીનાં વધામણાં કરીએ અને એ માટે આપણું ચિત્ત

શિવસંકલ્પવાળું બને એ માટે ફરી ફરી પ્રાર્થના કરીએ તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ।

આ શાન્તિપાઠ અને આ પ્રાર્થના આજે ખૂબ પ્રસ્તુત છે, કેમ કે આજના ભારતને આપણે તટસ્થતાથી નિહાળીશું તો ચિત્તમાં નર્યો વિષાદ અને વિષાદ માત્ર - भूय ण्व तमः - ઘેરો અને અતિ ઘેરો અંધકારમાત્ર વ્યાપી જશે, કેમ કે મુંબઇ હો કે આપણું પાડોશી લાહોર, બન્ને દેશની પ્રજા એકસરખા ચલચિત્રો જોવા ઉમટે છે. જેમાં નર્યા લાગણીવેડા અને ગહ્રં- pelvic thrusts -કમરના - ride wise - અને આગળ-પાછળના અશ્લિલ ઝટકાઓ પ્રદર્શિત થાય છે. મા-બાપો આ બન્ને સ્થળોમાં અશોભનીય દૃષ્યો બાળકો ન જુએ એ માટે ટી.વીની જે તે ચેનલો સચિંત રીતે ફેરવી નાખે છે, પુરૂષો જાહેરમાં જે તે સ્થળે ખણતા ક્ષોભ નથી પામતા, અહીં તહીં લઘુશંકા કરતા સંકોચ નથી પામતા,- શું સલવાર-કમીઝ પહેરેલા કે શું ધોતી-કૂર્તામાં સજજ વડીલો નર્યા દંભમાં જીવે છે. સરકારી સહાયથી ચાલતી પ્રાથમિક શાળાઓ દયનીય પરિસ્થિતિમાં છે, નાનાં નગરોમાં પબ્લિક વાહન-વ્યવહારની સુવિધાઓ અપ્રાપ્ય છે, ધર્માંધતા આપણી રાજકીય અને સામાજિક વ્યવસ્થાઓને લૂણો લગાડી રહી છે. અહીં દેશને આજે બિહારી શૂળ ભોંકાયેલું છે; રાજકારણી અને પુલિસ આવકાર્ય નહીં તેવાં રૂપોથી વિલસે છે; કરપ્શન એ તંત્રનો શ્વાસ-પ્રાણ બનીને ધબકે છે; સરસ્વતી ભવનો અને સારસ્વતો રાજકારણીઓનાં બગલબચ્ચાં બની ગયાં છે;અહીં એક રાજયનો અહમ્ બીજા રાજયની કલ્યાણ યોજનાને ખોરંભે પાડવા પ્રયત્ન કરે છે. અહીં ઘરની કલ્યાણ યોજનાઓ રોકવા ભારતીઓ આંતર-રાષ્ટ્રિય ઓઠા નીચે પ્રવૃતિઓ કરે છે. ‘કુસંપ આ દેશમાં રોજ સંભળાતો ધરતીકંપ છે.‘- એ નર્મદવાણી આજે પણ એટલી જ પ્રસ્તુત છે. મહિલા પરના અત્યાચારોની સાથે મહિલાઓના હિત માટે લડતી સંસ્થાઓ પણ સ્વાર્થપરાયણતામાં ફાલીફૂલી છે. નેશનલ અને ઇન્ટરનેશનલ એર્વાર્ડ મેળવી આત્મવંચનામાં આ મહિલાહિત રક્ષકો મગ્ન છે. આખાય ઉત્તરાપથમાં અકલ્યાણમય વાતાવરણથી ગંગા મેલી થઇ છે. કાશીના વિશ્વનાથજી પણ એ મલિનતાને દૂર કરી શકતા નથી. પંજાબના ભગતસિંહ ભૂલાઇ ગયા છે. રાજસ્થાનના શોર્યને ગ્રહણ લાગી ગયું છે. ગુજરાત તો કલા અને કવિતાને દેશવટો આપી માત્ર વેપાર-વાણિજયમય બની ગયું છે. અહીં તેજસ્વી વિધાર્થીઓ મુખ્યત્વે મેનેજમેન્ટના કોર્સ અને ઉત્તમ મુનીમો થવા અને - C.A - થવા રસ ધરાવે છે. સૌરાષ્ટ્રની ધીંગી ધરતીની લોકકલા - તેના રાસ-ગરબા હવે વટલાઇને ડિસ્કો-દાંડિયામાં પલટાયા છે. નવરાત્રિના ઉત્સવમાં હવે ‘મા‘ પાવાગઢવાળી ગરબે ઘૂમવા નથી ઉતરતી. તેને સ્થાને જે તે ડ્રેસમાં સજજ થયેલું યુવા ધન અને તેમાંય ગુજરાતીઓ અને હિન્દીભાષીઓ ભેગા મળી બે રોકટોક મોડી રાતો સુધી વકરેલા સાંઢની માફક વિહરે છે. ત્યાં શાન્તિ, પ્રાર્થના, આસોનાં અજવાળિયામાં હૃદયનો અંધકાર દૂર થવાની ભાવના નથી, પણ દારૂ ઢીંચીને નાતાલ ઉજવનારાઓ, ભગવાન ઇશુના દ્રોહીઓ જેવી તેમની બેફામ પ્રવૃત્તિ છે. અહીં શીલ અને સંસ્કારની લીલામ રાત્રિઓ ઉજવાય છે! અહીં દવાઓમાં પણ ભેળસેળ થાય છે. છતાં આપણે આશા નહી છોડીએ. પરમકૃપાળુ પરમાત્માની શકિતનું આહ્વાન કરશું. ઘાટ વગરના નફાલક્ષી ઇન્ડસ્ટ્રિયલાઇઝેશન તથા ભેળસેળિયા પેટ્રોલથી પ્રદૂષિત હવામાનને આપણે પુનઃ ચોખ્ખું કરવાનું છે. આપણે ત્યાં વીસમી સદીમાં મહાત્માગાંધી હતાં, લોકમાન્ય ટિળક મહારાજ હતાં, સરદાર પટેલ હતાં,

લોકલાડીલા નહેરૂજી હતાં અને આચાર્ય કૃપલાણી તથા જયપ્રકાશજી તથા નેતાજી હતાં, રાધાકૃષ્ણન્ અને રાજા રામમોહનરાય તથા રાજેન્દ્રબાબુ હતાં, લાલ બહાદુર શાસ્ત્રીજી હતાં. **આપણે ત્યાં મહાન્ યોગી મહારાજો અને સંતો શ્રીરામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિન્દ અને રાજયોગી વિવેકાનંદ તથા શ્રી રમણ મહર્ષિ હતાં.** આપણે ત્યાં રવીન્દ્રનાથ ટાગોર તથા શરદચંદ્ર જેવા સિધ્ધહસ્ત સાહિત્યકારો હતાં. ગુજરાતના ગોવર્ધનરામ અને પન્નાલાલ તથા કવિશ્રી સુન્દરમ્ તથા ઉમાશંકર હતાં. આપણી પાસે આજે પણ કલા અને વિદ્યાના સંગમરૂપ મહારાષ્ટ્ર છે, તથા જયાં કલા અને સરસ્વતી સાક્ષાત્ વસે છે, તે કેરળની ભૂમિ છે. આજે પણ કેરળના કદલીવનોમાં અને નાળિયેરીનાં ઝૂંડોમાં- ભગવાન શ્રી આદિ શંકરાચાર્યના " भज गोविन्दम् " ના શબ્દો લઇને ઠંડો મીઠો " मातरिश्वा " વહે છે. આજે પણ કન્યાકુમારી અને સ્વામી વિવેકાનંદજીની ચટ્ટાન લઇને સમદ્રના તોફાનને ખાળતો તમિળનાડુ આપણી પાસે છે. તો તિરૂપતિના આશીર્વાદ સાથે આંધ્રપ્રદેશ આપણી કુમકે છે. જગન્નાથની શકિત સાથે ઓરિસ્સા તથા કવિવરના શાન્તિનિકેતન સાથેની બંગભૂમિ અને સમગ્ર પૂર્વાંચલના રાજયો આપણી સાથે છે. હિમાલયનાં ઉત્તુંગ શિખરોનું રક્ષણ કરતો આપણો જવાન હાડ ગાળી નાખે તેવી ઠંડીમાં કારગીલની અને કાશ્મીરની અન્ય સરહદે આપણી રક્ષા માટે અડિખમ ઉભો છે. આપણો કિસાન એગ્રીકલ્ચરલ રેવોલ્યુશન લાવવા કટિબધ્ધ છે. અહીં આ સાથીઓ અને તજજ્ઞો આપણને હરિયાળી ક્રાન્તિ અને શ્વેત ક્રાન્તિ હાથવગી કરવા પ્રયત્નશીલ છે, સરકારે દૂરભાષથી દેશના ખૂણે ખૂણો સાંધી આપ્યા છે. હજારો કિલોમીટર દોડતી ટ્રેનો તથા હવાઇજહાજો આપણી સેવામાં છે. ગુજરાતનું શાણપણ અને સંપત્તિ આપણને મદદ કરવા તૈયાર છે. અહીં રવિશંકર અને રહેમાન તથા જસરાજ અને ઝાકિર તથા શુભલક્ષ્મી અને શ્રીમતી માનસિંગ કલાની માવજત કરે છે. સરકાર ગ્લોબલાઇઝેશન માટે નવી નવી આર્થિક નીતિઓ અમલમાં મૂકવા ધારે છે. આપણે વિશ્વાસ રાખીએ કે, ન્યાયતંત્રની શક્તિ અને તટસ્થતામાં શ્રધ્ધા રાખી આપણા વિરોધપક્ષો સરકારને ભારતની કલ્યાણ યોજનાઓમાં કન્સ્ટ્રકિટવ - વિધેયાત્મક નીતિ સાથેનું યોગદાન કરશે. આપણે આશા રાખીએ કે, આપણા વૈજ્ઞાનિકો અને ટેકનો - તજજ્ઞો ભારતને સહાયક એવી શોધ કરી માનવતાની પણ સેવા કરશે. આજે આખું વિશ્વ ભારત તરફ આશા રાખીને બેઠું છે કેમ કે, ભારત સહુથી મોટી લોકશાહીની પ્રયોગશાળા છે. આજે પણ અહીં માનવમાત્રના ઉત્કર્ષમાં અને શાન્તિમાં રાચતા અટલ નેતાઓ છે, **આજે પણ પોતાના નવ સૂત્રી કાર્યક્રમ સાથે રાજયોગી શ્રી નરેન્દ્રજી જેવા વિશ્વશાન્તિ અને વિશ્વ કલ્યાણના ઉદ્‌ગાતાઓ છે.** આજે પણ શાન્તિ અને ભાઇચારાના મધુમય પવનો ભારતમાંથી સમગ્ર વિશ્વને આવરી લેવા પ્રવાહિત થાય છે. ત્યારે આવો, આપણે સહુ આગામી સદીમાં એક એવા ભારતનું નવનિર્માણ કરવામાં જોતરાઇએ, જ્યાં કોઇ દલિત ન હોય, જ્યાં ધર્મને નામે વેરઝેર ન હોય, જ્યાં મહિલાઓનો આદર થાય અને દેશના નિર્માણમાં તેનો સરખો હિસ્સો હોય, તે માટે પરમશક્તિને ફરી પ્રાર્થના કે, મારું મન કલ્યાણકારક સંકલ્પોવાળું બનો, तन्मे मनः शिवसंकल्पमस्तु । મારી બુધ્ધિ સન્માર્ગે સંચરો આપણું ભણતર તેજસ્વિ બનો.तेजस्विनावधीतमस्तु । આપણે અંદરો અંદરના દ્વેષથી મુક્ત બનીએ. **આવો ભારતવાસીઓ, उत्तिष्ठत, जाग्रत प्राप्य वरान् निलोधत** । ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

**॥ ૐ મા ૐ ॥**

## (૩) સ્વાગતમ્ શ્રદ્ધેય

*તા. ૨૮-૧-૨૦૦૦* *હેમંત ઉપાધ્યાય*

**( નવી શતાબ્દિમાં પ્રથમ સ્વદેશાગમનના પ્રસંગે**
**પ.પૂ. ગુરૂદેવના સ્વાગત કાર્યક્રમનો અહેવાલ... તા.ર૬મી જાન્યુઆરી ૨૦૦૦.)**

આજે શ્રધ્ધાકુટિરના ભકતો દ્વારા, અનેકવાર પરદેશ પ્રવાસ કરી ચૂકેલા પરમ પૂજય ગુરૂદેવનાં, નવી શતાબ્દિમાં પ્રથમ સ્વદેશગમનને સત્કારવા જ્ઞાનમય, ભકિતમય અને અધ્યાત્મમય કાર્યક્રમનું આયોજન પૂજયશ્રીની અનુમતિથી થયું છે. આખા વિશ્વના અનેક દેશોએ, અનેક પધ્ધતિઓ, અનેક પ્રકારના મનોરંજનો દ્વારા શતાબ્દિ આરંભને માણવા પ્રયત્ન કર્યા છે ત્યારે, પરમ પૂજય ગુરૂદેવની રાજસેના, ગુરૂદેવને આ શતાબ્દિમાં સત્કારવા, અને આશિષ મેળવવા, ભકત હૃદયની ભાવનાને એક નવી દિશા, નવા સંકેતો દર્શાવવા પ્રયત્ન કરી રહી છે. ખરેખર તો નવી શતાબ્દિમાં પરમપૂજય પાસેથી માર્ગદર્શન, દિશાદર્શન પામવાનો પ્રયાસ છે.

આજે કુટિર શણગારી છે. ઝૂલા પર લાલ રંગની જાજમ બિછાવાઇ છે. “ વેલકમ ૨૦૦૦ ” ના ફોટામાં ત્રણ શૂન્યમાં ૐ મા ૐ અને માતાજીની છબી લટકાવેલ છે. ઝુલાનાં બીજા સ્તંભ પર ૨૦૦૦નાં ત્રણ શૂન્યમાં ત્રણ છબી છે. એકમાં કૃષ્ણરૂપ પૂજયશ્રી, બીજામાં માતાજી અને ત્રીજીમાં પૂજયશ્રીનું સામાન્ય રૂપ ખૂબ સૂચક છે. અર્થાત્ ૨૦૦૦ના વર્ષમાં ૐ મા ૐ મંત્ર અને પૂજયશ્રી તથા માતાજીનું સતત્ સાનિધ્ય જ જરૂરી બની રહેશે. બીજો અર્થ એ છે કે, પૂજયશ્રી અને માતાજી તથા પરમશકિત મંત્ર તમારા જીવનમાં જયાં જયાં શૂન્ય આવશે અર્થાત્ ખાલીપો આવશે ત્યાં ત્યાં આશિષની અમીવર્ષા કરી દેશે.

સાંજે લગભગ ૬:૪૫ વાગે “ યા દેવી સર્વભૂતેષુ, શકિતરૂપેણ સંસ્થિતા “ ના મુંજાલભાઇના મધુર કંઠે ગવાયેલ શ્લોકથી કાર્યક્રમનો આરંભ થયો. ખૂબ સુંદર સંકેત હશે. નવી શતાબ્દિ એટલે શકિતની શતાબ્દિ અને શકિત માત્ર સંત અને પરમની..

કુટિરમાં પગથિયાં પર પ્રવેશદ્વાર બનાવાયું છે. એને બે પડદાથી સજાવાયું છે. એકમાં શૂન્ય ઉપર શૂન્યની ડીઝાઇન છે. શતાબ્દિના ત્રણ શૂન્યના સંકેતો છે. માનવજીવનમાં આપણે સૌ એકડા વગરના મીંડાની માફક ગુંચવાયા જ કરીએ છીએ. બીજા પડદામાં ત્રાંસી લાઇનો છે. જે સૂચવે છે કે, ભલે તમે શૂન્ય રહયા, જીવનની આધ્યાત્મની ત્રાંસી સીડીઓ તમને આસાનીથી પાર કરાવનાર તમારો રક્ષક દ્વારમાં જ હાજર છે. અંતરના અને હૃદયના દ્વાર શુધ્ધ શરણાગતિથી ખોલો અને પરમપૂજયનો અનુભવ કરો.

પૂજયશ્રીનું “ નરેન્દ્રરાજાષ્ટક “નું સમૂહગાન શરૂ થયું. નાના બાળકો, કતારમાં ઉભા રહી. બન્ને બાજુએ રીબીનો હલાવી સ્વાગત ભાવના દર્શાવે છે. પ્રવેશદ્વારેથી પૂજયશ્રી, બ્હેનજી અને મમ્મીજીનું આગમન થાય છે. ક્રીમ કલરના રજવાડી ડ્રેસમાં અતિ સોહામણા પૂજયશ્રી સૌને આશિષ આપતાં આપતાં પોતાના ઝૂલાસન તરફ પ્રયાણ કરે છે, સદ્ગૂરૂ દેવની જય થી શ્રધ્ધાચોક ગાજી ઉઠયો છે, સૌ પોત પોતાના સ્થાનેથી વંદન કરે છે, ભકતોના નયનો મિલનના આનંદથી ભિંજાયા છે. સૌના હૈયામાં દર્શન થયાંનો સંતોષ છે અને અમી દષ્ટિથી સંતૃપ્ત ભકતો શિર ઝૂકાવી આશિષ માટે પ્રાર્થના કરે છે.

કાળજાનાં કોડીયામાં વિરહના તેલથી મિલનના આશાદીપકને પ્રજવલિત રાખતા ભકતહૃદયો માટે

મુંજાલભાઇએ સુંદર મંગલાષ્ટક લયમાં ભાવના રજૂ કરી. ' મંગલગાન સૌ મિલનનાં, આવી ઉભા આંગણ... રેલાયા મધુર સુર હૃદયથી, અશ્રુ બન્યાં છે તોરણો, ખીલી છે ઉરમાં રૂડી ઝળકતી જાણે ગુરૂપૂર્ણિમા...પ્રગટી સ્વાગત જયોત આ સકલનું કરવા સદા સહુ મંગલ. જયારે જયારે દ્રષ્ટિમાં પૂજયશ્રીનો આવિર્ભાવ થાય ત્યારે ત્યારે ગુરૂપૂર્ણિમા ગણવી અને નત્વા, દત્વા અને ગત્વાના નિયમનું પાલન કરવું. નત્વા એટલે નમન, દત્વા એટલે આપવું, મૂકવું ( નવ સૂત્રના પાલનની મહેચ્છા ) અને ગત્વા એટલે ત્યાંથી ચાલ્યા જવું.

દરેકના હૃદયમાં પૂજયશ્રીને સ્થાપિત કરવા સદ્‌ગુરૂ આવાહનનો શ્લોક "ગુરૂઃ બ્રહમા, ગુરૂ વિષ્ણુ..." બોલાયો અને વંદન કરવા માટે ખૂબ સુંદર કહેવાયું કે..." પરમશકિતમેં લીન હૈ, દેખત સબમેં માત.., તાકે પદ વંદન કરૂં, જય જય નરેન્દ્રનાથ.."

પછી સ્વાગતગીત રજૂ થયું " આંગણિયે પધારો રાજયોગી અમારા... સ્નેહથી સ્વીકારો પ્રણામ અમારા..." કેવી સુંદર ભાવના. પૂજયશ્રીના જ શ્રધ્ધાચોકમાં બેસીને કહેવું," પધારો અમારા આંગણિયે.. ગુરૂદેવનું એ ભકતોનું જ છે.

હવે છ બાળકોએ મોરના વેશ ધારણ કરી, નૃત્ય સાથે સુંદર ગીત દ્વારા ભાવોર્મિ પ્રદર્શિત કરી, " માના દરબારે તેડી હૈયાના હારે, થનથનતા મોરલાએ રેલ્યો ટહુકાર " બાળકોના ચહેરા પરના નિર્દોષ ભાવ, સંગીત સાથેના તાલ અને ભકત હૃદયના પોકારની ભાવના સૌને ખૂબ પ્રભાવિત કરી ગઇ. હે! પૂજયશ્રી, માત તમને મોર કહે, તમે માતના બાળ અમે આ શતાબ્દિમાં તમારા બાળ મોર બની જઇએ એટલી પ્રાર્થના બાળરૂપ ભકતોની છે.

હવે શ્રધ્ધા કુટિરના રાજકવિ શ્રીસતિષભાઇએ પ્રસંગોચિત વકતવ્યમાં કહયું કે, કોણ કોનું સ્વાગત કરે? અમે તો ચરણમાં અને શરણમાં છીએ, સ્વીકાર કયારે થશે ? તેમણે ખૂબ સૂચક સવાલ કર્યો કે, પૂજયશ્રી શ્રધ્ધામાંથી, દશે દિશામાંથી બહાર નીકળ્યાં હતાં ખરાં? તેઓ તો સર્વત્ર છે. સુગંધનો સ્વભાવ છે, ફેલાવું.ભકતોના હૃદયરાજ એવા પૂજયશ્રીને તેમણે સૌના વતી વંદન કર્યા.

હવે પરમ્‌ના અવતારોમાંના એક, જ્ઞાનદાતા, મહામુનિ, ઋષિ વેદવ્યાસની પધરામણી થઇ. સૌમ્ય ચહેરો, ગળામાં માળા, હાથમાં કમંડળ, ધીરી અને ગંભીર ચાલ, પગમાં પાવડી આ અતિરમણીય દષ્ય, શ્રધ્ધાના ભકતોને ભારતના ભવ્ય ભૂતકાળની યાદ અપાવી ગયું. ભલે આ વેશ હતો પણ સત્યની એટલો નજીક હતો કે, લોકોએ પ્રણામ કર્યા અને સ્વયં પૂજયશ્રીએ પણ સ્થાન પરથી ઉઠીને જયારે એમનો સત્કાર કર્યો. ત્યારે પુલકિત ભકત નયનોએ સંતથી સંતના મિલન દષ્યને અખંડ તાળીઓથી વધાવી લીધો. પૂજયશ્રીના, ઋષિ સદ્‌ભાવને સૌએ વંદન કર્યા. તેમણે પૂજયશ્રીની જમણી બાજુ આદરથી સ્થાન લીધું. વ્યાસજી બન્યાં હતાં અનલભાઇ.

હવે પધાર્યા છે નરસિંહ મહેતા. અરજ કરે છે કે, મારી હુંડી સ્વીકારો મહારાજ રે... શામળા ગિરધારી... મારે એક તમારો આધાર રે...કર્ણપ્રિય કંઠથી ગવાયેલ આ ગીતના તાલે નરસિંહ નૃત્યએ ભકતોને આલ્હાદિત કરી દીધાં અને તેમણે સાચે જ કહયું કે હે! પૂજયશ્રી, આ શતાબ્દિમાં અમારે તમારો જ અને એક જ આધાર છે. પૂજયશ્રીને વંદન કરી તેમણે પૂજયશ્રીની ડાબી બાજુએ સ્થાન લીધું.

કમલભાઇએ આ પાત્રને ખૂબ સુંદર ન્યાય આપ્યો.

જય જય વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલા ના અંતરના નાદ સાથે, હવે પધાર્યા સંત તુકારામ. વિઠ્ઠલને શોધતા આતુર નયનો, સંગીતના સુરીલા નાદ સાથે ભળી ગયા અને તુકારામના પાત્રમાં જયોતિષ વોરાએ કુટિર ભકતોને પણ, વિઠ્ઠલ ઘેલા કરી દીધાં. તેમણે પૂજયશ્રીને પ્રણામ કરી ડાબી બાજુ સ્થાન લીધું.

ભકિતમાં ભાવના ભળે તો ભગવાન મળે અને ભાવના થાય તો જ ભગવાનના દાસ બનાય. મીરાંની ભકિત અજોડ રહી છે.

સફેદ વસ્ત્ર, એક હાથમાં તંબુરો, આંખોમાં અશ્રુ અને શ્યામસુંદરને મળવાની ઝંખના... આ પાત્રને ખૂબ સુંદર ઉપસાવ્યું ભાવનાબ્હેને. 'મૈં તો અપને શ્યામ સુંદરકી, આપ હી હો ગઇ દાસી રે' ના શબ્દોએ ભક્તોને પ્રભાવિત કરી દીધા. હે ગુરૂદેવ, આ શતાબ્દિમાં ભક્તિના ભાવમાં અમને સૌને મીરાં બનવાની શક્તિ આપજો અને તમારા ચરણોના દાસ રહેવા દેજો એવી પ્રાર્થના. મીરાંએ પૂજ્યશ્રીના ચરણોમાં વંદન કરી પૂજ્યશ્રીની જમણીબાજુ સ્થાન લીધું.

મહાકાલીના પરમ્ ઉપાસક, નિષ્કામ ભક્તિ દ્વારા જગવિખ્યાત સ્વામી રામકૃષ્ણ પરમહંસની પધરામણી થઇ ત્યારે જય મા, જય મા ના બુલંદ નાદ થયા. નિર્મળ અને નિર્દોષ ચહેરો, પરમાત્મા મિલનની પ્યાસ અને આંતર હૃદયની વેદનાને સ્પષ્ટ કરતાં નયનો સાથે જશવંતભાઇએ સૌને રામકૃષ્ણ પરમહંસની પ્રતીતિ કરાવી દીધી. જેવો વેશ તેવા ભાવ લાવીને, તેમણે પણ પૂજ્યશ્રીને પ્રણામ કરી ડાબી બાજુ સ્થાન લીધું.

હવે પધાર્યા છે. યુવાનોના પ્રેરણાદાતા. માતૃભૂમિના યશદાતા, તત્વચિંતક, ક્રાંતિ વિચારક સ્વામી વિવેકાનંદ. ગીત ગવાય છે. "નવજવાનોં ભારતકી તકદીર બના દો". ટટ્ટાર ચાલ, ગર્વિત અદબ, ખુમારીભરી દષ્ટિ, મક્કમ મનોબળ સાથે, સ્વામીજીએ જ્યારે ચોકમાં દર્શન દીધાં ત્યારે ફરીથી અખંડ તાળીનાદ સાથે ભક્તોએ જયજયકાર કર્યો. ખૂબ સૂચિત છે. આજની શતાબ્દિમાં પૂજ્યશ્રી, ક્રાંતિકારી સંત અને વિશ્વમાં માતૃભૂમિ ભારતને ઠેકઠેકાણે યશ અને કીર્તિથી પલ્લવિત કરી રહ્યા છે. ત્યારે આપણે સૌ, અર્થાત્ રાજસેના એમના ભગીરથ કાર્યમાં યોગદાનથી પુણ્યશાળી બનીએ એજ પ્રાર્થના. વિવેકાનંદના પાત્રને દીપાવ્યું છે કંદર્પે. તેઓએ પણ પૂજ્યશ્રીને પ્રણામ કરી ડાબી બાજુ સ્થાન લીધું.

હવે પધાર્યા છે આ દેશની આઝાદીના પ્રખર નેતા અને રાષ્ટ્રપિતા ગાંધીજી. રઘુપતિ રાઘવ રાજારામની ધૂન બોલાય છે. ટૂંકી પોતડી, હાથમાં લાકડી, કેડમાં ઘડીયાળ, સાદા ચશ્મા અને માથે ટાલ. સાથે ઝડપી ચાલ. મનની મક્કમતા શું ન કરી શકે ? ગાંધીજીના પાત્રને અણમોલ અદાથી ઉપસાવ્યું છે, રમેશભાઇ બારોટે. તેમણે પૂજ્યશ્રીને સાષ્ટાંગ પ્રણામ કર્યા. કેવું સુંદર દૃષ્ય ! મધુરમિલન ! મનની મક્કમતા કેળવવા જ પૂજ્યશ્રીએ આપ્યું છે માનવતા વ્રત. જો મનની મક્કમતાથી અંગ્રેજોને ભગાડી શકાતા હોય તો ષડ્રીપૂઓની શી વિસાત ! હે પરમ ગુરૂદેવ. નવી શતાબ્દિમાં અમારી મનોવૃત્તિ સંયમિત કરજો અને મનોબળને સામર્થ્યવાન બનાવજો.

પૂજ્યશ્રી એટલે માતના મયુર. બધું બનવું સરળ. ચાહે ઘોડા બનો, ગધેડા બનો, વાનર બનો. પણ મયુર બનવું કઠિન. કારણ પીંછાઓને સાચવવાની જવાબદારી. નૃત્યનો વારસો. મનોરંજનનું પ્રતિક

પૂજ્યશ્રીના જ આ રૂપને લઇને આવી છે ટવીન્કલ જ્યોતિષ વોરા. "માડી તારા આંગણે મોર નાચે" ના મીઠા ગીત સાથે એણે નૃત્ય દ્વારા, સૌ ભક્તો વતી પૂજ્યશ્રીને ચરણવંદના કરી. અને, હે ગુરૂદેવ " અમને તમારૂં જ રૂપ આપજો " એવી પ્રાર્થના કરી.

પરમશક્તિ મંત્રના ત્રણ અક્ષરો. ૐ મા ૐ ના કાર્ડ લઇને પધાર્યા છે રોહન, પ્રણવ અને દેવાંગના. બે ૐકારની વચ્ચે માતૃશક્તિએ ધીરે પગલે, પરમશક્તિ મંત્રના સામૂહિક જપ સાથે પૂજ્યશ્રીના આસન સુધી પ્રયાણ કર્યું ત્યારે દેવો અને દેવીઓ પણ નાચી ઉઠયાં. આ શતાબ્દિમાં જ્યારે કળયુગનું અતિક્રમણ વર્તાય છે ત્યારે પરમશક્તિમંત્રથી દેવો પણ કેવા આનંદિત થઇ નૃત્ય કરશે એનો સુંદર ખ્યાલ આ બાળ નૃત્યમાં રજૂ થયો. ખૂદ ગણેશજી પણ આમાં જોડાયા છે. ગણેશજી બન્યા છે ભૌમિક. ત્રણ દેવ આદિત્ય, તેજેન્દ્ર અને વિવેક, ત્રણ દેવીઓ પૂજા, સંજના અને ધરા.

ભારત નાટયમ્‌ની સાત વર્ષની સાધના અને વંદનાનું સંકલન એટલે ' અલ્લારીપુ '. અનેક મુદ્રાઓ દ્વારા, ભાવવંદના અને ભકિતનમન રજૂ કર્યાં, ટવીન્કલ વોરાએ. ખૂબ સુંદર મુખમુદ્રાઓ સાથેના આ ભકિતનૃત્યએ સૌના મન હરી લીધાં.

હવે શ્રી નાન્દીસાહેબે આજના પ્રસંગે પોતાની લાગણીઓને વાચા આપતાં કહ્યું કે, આપણે જ્યારે પૂજ્યશ્રીના ચરણોમાં બેઠા છીએ ત્યારે સતત્ તેમનું શ્રવણ, મનન, ચિંતન અને ધ્યાન કરતાં રહીએ. તેમણે કહ્યું કે, આજે મયુર નૃત્ય થયું. મયુર એટલે મા સરસ્વતીનું વાહન. આપણા હૃદય મંદિરમાં મનમોર સદા વાસ કરે અને આપણે માતાજી ત્થા પૂજ્યશ્રીના રંગોથી સદા રંગાયેલા જ રહીએ.

આજે આપણે સંતોના પ્રતિકોથી, સાક્ષાત્ પરમશક્તિના પ્રતિક એવા પૂજ્યશ્રી સુધી અનુસંધાન કેળવવાનો પ્રયત્ન કર્યો છે. આ સંતોને સ્વપ્ન દ્વારા પરમાત્માના સંકેતો મળતા રહેતા. આપણને પણ પૂજ્યશ્રીનાં સ્વપ્નદર્શન થતાં રહે અને ઇશ્વરના અંશ દ્વારા આપણું સદા રક્ષણ થતું રહે. નીતિથી આધ્યાત્મિકતાનો સેતુ એટલે નવસિધ્ધાંત. આપણે સહુ નવી શતાબ્દિમાં પણ પૂજ્યશ્રીના કૃપાપાત્ર બની રહીએ એટલી પ્રાર્થના.

હવે યોગેશભાઇએ કહ્યું કે હું પુત્રના અધિકાર સર્વે ભક્તોને અર્પણ કરૂં છું. તેમણે જાહેરમાં પ્રતિજ્ઞા કરી કે હું "પરનિન્દાથી દૂર રહેવા" સભાનપણે પ્રયત્નશીલ રહીશ અને તેમાં મને પૂજ્યશ્રીના આશીર્વાદ મળે. ખૂબ સૂચક વાત છે. પેટમાં ગયેલ ઝેરથી એક જ વ્યક્તિ મરે, પણ કાનમાં ગયેલ ઝેરથી અનેક મર્યા છે. આપણે પણ આવું મનોબળ કેળવીએ.

શ્રી મુંજાલભાઇએ આજના કાર્યક્રમની પૂજ્યશ્રી દ્વારા અપાયેલ અનુમતિથી ધન્યતા અનુભવવા સાથે આ કાર્યક્રમની સફળતામાં યોગદાન આપનારા સૌનો આભાર માન્યો.

હવે આ સદીના પ્રથમ આશીર્વાદ માટેની પ્રાર્થના કરાતાં પૂજ્યશ્રીએ આશીર્વચનનો પ્રારંભ કરતાં કહ્યું કે, ૩૧ મી ની રાત્રે અમેરિકામાં સૌ શતાબ્દિ સ્વાગત માટે નાચ-ગાનમાં મશગુલ હતાં ત્યારે તેમની હાજરીમાં અમેરિકા સ્થિત ભક્તોએ અનોખા આધ્યાત્મિક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પ્રથમ પ્રાર્થના, પછી ૐ મા ૐ ના સામૂહિક જપ, "વિશ્વ શાંતિ માટે વ્યક્તિગત યોગદાન" વિષય પર ભક્તગણના વિચારો રજૂ થયા અને પછી સામૂહિક ભજન-ધૂન થયા. બરાબર બાર વાગે ૐ ના ત્રણ વાર સામૂહિક

નાદ થયા. રાત્રે ૧૧ વાગે શરૂ થયેલ આ આધ્યાત્મિક રીતે શતાબ્દિ ઉજવણીનો કાર્યક્રમ, રાત્રે અઢી વાગ્યા સુધી ચાલ્યો. હવે ભક્તો પણ સ્વાર્થની પ્રાર્થનાના બદલે પરમાર્થ માટે પ્રાર્થના કરતાં થાય તેવી દિશા મળી.

નવી સદીના આશીર્વાદ આપતાં પ્રથમ તો તેમણે સૌ ભક્તોને 'આત્મીય જન' થી સંબોધ્યા અને નવી સદી સર્વ જીવો માટે સુખમય, શાંતિમય, આનંદમય બની રહે તેવી શુભેચ્છા પ્રદાન કરી. તેમણે કહ્યું કે, વિશ્વ શાંતિ, માનવમનની શાંતિ, ભૌતિક સાધન સંપત્તિથી હાંસલ કરી શકાય જ નહીં, તેના માટે તો આધ્યાત્મિક સાધનો જ સિધ્ધ, પુરવાર થઇ શકે. પ્રદુષિત થયેલા સૃષ્ટિના અને માનવમનના વાયુમંડળને શુધ્ધ, સ્વચ્છ કરવાની જરૂર છે. માનવમનમાં વ્યાપી રહેલા આસુરી, અશુભ વિચારો રૂપી ગંદવાડને સાફ કરવાની જરૂર છે. તેમણે ઉમેર્યું કે, માનવજાતે તેની આસુરી વૃત્તિઓને બહેકાવવા માટે, સ્વ અને સૃષ્ટિના વાતાવરણને, વાયુમંડળને પ્રદુષિત કરી દીધું, અસાત્વિક બનાવી દીધું.

આ અસાત્વિકતાને અને પ્રદુષણને દૂર કરવાના યોગદાન માટે પણ તેમણે દિશાસૂચન કર્યા. આ સૂચનો પણ નવ જ છે જે પ્રકાશિત થશે પણ તેમણે અંતમાં કહ્યું કે, 'નૂતન સદીનો પ્રત્યેક દિવસ અને ક્ષણ ૐ મા ૐ ના ઉચ્ચારણ-રટણથી આંદોલિત થશે તો જ વાયુમંડળમાં પ્રસરેલ ઘોંઘાટ, અશુભ શબ્દો, અશુધ્ધ હવાને સાત્વિકતામાં પરિવર્તિત કરી શકાશે. માનવમનને સાત્વિક આનંદમાં અને શાશ્વત શાંતિમાં પ્રવાહિત કરી શકાશે. મારા આપ સર્વેને આશીર્વાદ છે.'

પૂજ્યશ્રીએ તાજી જ લખેલ પંક્તિઓ પણ કહી:

**પાનખરમાં ખીલવાની મઝા કાંઇ ઔર છે,**
**પાન પીળાં છો થયાં, ભીતરની કુમાશ હજુ અકબંધ છે.**
**પત્થરોને આજ પણ તોડી શકે,**
**દૃષ્ટિમાં મારી હજુ શકિતનો સંચય કાંઇ ઔર છે.**
**શુષ્કતા ને ના મળે કયાંય દરવાજો,**
**સદા ખીલતા રહેવાની મઝા કાંઇ ઔર છે.**

પૂ.બ્હેનજીના આર્શીવચન સાથે અહીંના કાર્યક્રમની સમાપ્તિ થઇ. અહીં એ નોંધવું ઘટે કે, ૨૪મી જાન્યુઆરીના રોજ પૂજયશ્રી જયારે મુંબઇ એરપોર્ટ પર ઉતર્યા. ત્યારે ભારત ટુરીઝમખાતા દ્વારા આયોજીત મિલેનીયમ સ્વાગત કાર્યક્રમમાં શરણાઇના સૂર સાથે પૂજયશ્રી તથા બ્હેનજીને તિલક કરી નવી શતાબ્દિમાં સ્વદેશાગમનનું સ્વાગત કર્યું હતું.

આજના કાર્યક્રમમાં, એક વાત સૂચક હતી કે, વેદવ્યાસજી અને મીંરાએ પૂજયશ્રીની જમણી બાજુ સ્થાન લીધેલું. જયારે બાકીના સર્વ સંતો ડાબી બાજુ બેઠા હતાં અર્થાત્ નવી શતાબ્દિમાં જ્ઞાન અને ભકિતને પ્રાધાન્ય આપશો તો સંત સરીખા બની શકશો.

અંતમાં, અમારી સૌની એક જ પ્રાર્થના કે હે, ગુરૂદેવ, અમારૂં સંયમયુકત અને શ્રમયુકત શરીર બને જેથી શકિત મળે, પ્રેમયુકત હૃદય બને જેથી ભકિત મળે અને મોહરહિત બુધ્ધિ બને, જેથી મુકિત મળે.

**॥ ૐ મા ૐ ॥**

(૪) **ઉપાસના દિન**

*તા. ૯-૧૨-૯૯* *રાજયોગી નરેન્દ્રજી*

## *અદ્વૈતનો અનુભવ કરી શકાશે.........*

વ્હાલા આત્મિયજનો,

આજે ઉપાસના દિન છે. પરમશકિત મા ભગવતીના સહવાસમાં "શ્રધ્ધા" એ આજે અગિયારમાં વર્ષમાં પ્રવેશ કર્યો. **શ્રધ્ધાના રોમેરોમમાં "ૐ મા ૐ"નો નાદ સતત ગૂંજી રહયો છે.** શ્રધ્ધાના હૃદયસમાચોકમાં માતાજીના નૂપુરનો ઝણકાર, રંગીલાનો રણકાર, મીઠી સુવાસનો પમરાટ અને અસ્તિત્વનો આનંદ સદાય અનુભવાતો રહે છે. સાત્વિક શાંતિની સરિતાનો પ્રવાહ અહિંયા અવિરત વહયા કરે છે. **માયાના મેલને ધોવા, અશાંતિને ઓગાળવા, આતમજયોતને સતેજ કરવા માટે મુમુક્ષુઓ, શ્રધ્ધાળુઓ 'શ્રધ્ધા' નું શરણું લે છે.** માની મીઠી મમતાનો, ગોદનો, વાત્સલ્યનો અનુભવ કરવા તેઓ અહિંયા આવે છે. પરમશકિત મા ભગવતીની ઉપસ્થિતિનો પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ શ્રધ્ધાળુ ભકતોને શ્રધ્ધામાં થાય છે જ. **શ્રધ્ધાળુ ભકતોની આધ્યાત્મિક ઉર્જાને સતેજ કરતું આ પવિત્ર ધામ છે.**

આપ સર્વે આપની વ્યક્તિગત ઉપાસના ધ્યેયને આંબવા કેટલી પ્રગતિ કરી શકયા તેનું સ્વમૂલ્યાંકન જાતે જ કરી જોજો. મનના તરંગોને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન મૌન અને ધ્યાન દ્વારા અવિરત ચાલુ જ રાખજો. સ્વાધ્યાય, સત્સંગ, સંતસમાગમ અને પરમનું સાનિધ્ય જીવનનો એક અનિવાર્ય, અંતરંગ વ્યવસાય બની જાય તેવો પ્રયત્ન અવિરતપણે ચાલુ રાખજો. જીવનનું આંતરિક ઘડતર અને ચણતર આપોઆપ થતું જશે. હૃદય સિંહાસન પર પરમની હાજરી અવિરતપણે વર્તાવા લાગશે. સમસ્ત અસ્તિત્વમાં પરમની ચેતના વહેતી થઇ જશે. ***અદ્વૈત***નો અનુભવ કરી શકાશે.

**આપનો સાત્વિક પ્રયત્ન ચાલુ રાખજો. મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

॥ ૐ મા ૐ॥

## જ્ઞાનબીજ

**પૂ. ગુરૂદેવ:**

**હૃદયનાં શુધ્ધિકરણ માટે સદ્‌ગુણો કેળવતા શીખો અને અન્ય પર સદ્‌ગુણો વરસાવો. પ્રેમ રાખો. જીવનમાં નિંદા, ઈર્ષ્યા અને અહમ્ અતિ ઉંચા દુર્ગુણ છે.**

**જીવનમાં એક એક શબ્દ બોલતાં પહેલાં વિચાર કરો, આંતરમનને પૂછી જુઓ કે, આ બરાબર બોલું છું. તમારી બોલી ગમશે તો લોકો પ્રેમ કરતાં જાશે અને હૃદયની શુધ્ધિ આપોઆપ થતી જશે. Think twice before you speak વાણીનો સંયમ અને સદ્‌ઉપયોગ એ બે ને જીવનમંત્ર બનાવીએ.**

## (૫) ઉપાસના દિન - ૯૯

*તા. ૧૦-૧૨-૯૯* *હેમંત ઉપાધ્યાય*

***(તા. ૯ મી ડીસેમ્બર ૯૯ ના રોજ શ્રધ્ધા કુટિરમાં ઉજવાયેલ ઉપાસના દિનનો અહેવાલ)***

આજે માગસર સુદ બીજ અને નવમી ડીસેમ્બર છે. તિથિનું નહીં પણ તારીખનું મહત્ત્વનું સ્થાન છે. પૂજ્ય રાજયોગીજીના ભક્તો માટે પોતાની આધ્યાત્મિક પ્રગતિના સ્વદર્શન, સ્વમૂલ્યાંકનનો દિવસ છે. પૂજ્યશ્રી દ્વારા આજે કાંઇક દિશાદર્શન અને સરળ માર્ગનું શિક્ષણ મળશે એવી અપેક્ષાથી શ્રધ્ધા કુટિરમાં માનવ મહેરામણ ઉમટ્યો છે.

સાંજે ચાર વાગે, અમૃત ચોઘડીયામાં આધ્યાત્મિક યાત્રાનો પ્રારંભ થયો. રજાનો દિવસ ન્હોતો, છતાંય મોટી સંખ્યામાં ભક્તો પધાર્યા છે. ઝૂલાસને માતાજીની મનોરમ્ય છબી બિરાજીત કરાઇ છે. ચુંદડીનો શણગાર અને મોતીની ત્રણ માળા શોભે છે. છબીની જમણીબાજુ માતાઓ અને ડાબી બાજુ ભાઇઓ બેઠા છે. કુટિરમાં ક્રમ ઉલટો હોય છે. પૂજ્યશ્રીની ડાબી બાજુ બ્હેનો. અહીં બ્હેનોને પ્રાધાન્ય અપાયું છે. કારણ આધ્યાત્મિક યાત્રા, સંસારયાત્રાનો ભાગ જ છે. સ્ત્રીઓ વડે જ ઘર, કૂળ, સંસાર અને ધર્મ દીપ્યા છે માટે માતાજીએ એમને મોકાનું સ્થાન આપ્યું છે.

પ્રથમ દસ મિનિટ સામૂહિક, પરમશક્તિ મંત્રના જપ શરૂ થયા છે. સમૂહ પ્રાર્થના, સમૂહ સત્સંગ અને સામૂહિક સદ્‌ભાવના, ભાવના, પુણ્ય અને શક્તિ અનેકગણી હોઇ, સામૂહિક જપ શરૂ થયા. પછી પાંચવાર ત્રિપદા ગાયત્રીમંત્ર બોલવામાં આવ્યો. પાંચવાર એટલા માટે કે, સૃષ્ટિની ઉત્પત્તિના પાંચ તત્ત્વો, માતાજીના પાંચ મુખ, પૂજ્ય રાજયોગીજીના પાંચ નિર્દેશ-શ્રધ્ધા-શરણાગતિ-નવસૂત્ર-માનવતાવ્રત અને પરમશક્તિમંત્ર. પૂજ્ય રાજયોગીજીના પાંચ ઉત્સવ. ગુરૂપૂર્ણિમા, સેવાદિન, માનવતાદિન, ઉપાસનાદિન અને કુટિર સત્સંગ. ત્યારબાદ દસ મિનિટ માટે માનસિક જપ થયા. પૂજ્યશ્રી મૌન અને ધ્યાનને ખૂબ મહત્ત્વ આપે છે. ઉપાસનાના તે મજબૂત પાયા છે.

બરાબર ૪-૩૫ વાગે દીપયજ્ઞની શરૂઆત થઇ. કતારમાં સામ સામે ભાઇઓ અને બ્હેનો ગોઠવાયાં છે. એક થાળીમાં દીપ પ્રાગટ્ય થયેલ છે. સાથે ઘી અને બે ચમચી આપવામાં આવી છે. સામૂહિક સાધના પ્રયોગ અતિ પ્રભાવશાળી લાગે છે. મનુષ્યને વિનાશથી બચાવી, ઉજ્જવળ ભવિષ્ય તરફ લઇ જવાનો આ સંકલ્પ છે. પોતાની આત્મ ચેતના, ભાવના, વિચારણા અને કાર્યકુશળતાને ઇશ્વરીય પ્રયોજન સાથે જોડવાનું માધ્યમ છે દીપયજ્ઞ. સાધના અને સત્કર્મના વિકાસનો પાયો છે. યજ્ઞ. અતિ પવિત્ર વાતાવરણ છે. પ્રથમ પાંચ ત્રિપદા ગાયત્રીમંત્ર સાથે 'સ્વાહા' ના ઉચ્ચાર સાથે ઘી ની આહૂતિ અપાઇ છે. ઘી નું બીજું નામ છે સ્નેહ. પ્રેમ, સહાનુભૂતિ, સેવા, દયા, આત્મિયતા, કરૂણા, ઉદારતા, વાત્સલ્ય જેવા સદ્‌ગુણ વ્યક્તિ સાથે જોડાયેલ છે. નિઃસ્વાર્થ ભાવથી, શ્રેષ્ઠ સિધ્ધાંત સાથે જે ઘનિષ્ઠતા ઉત્પન્ન કરવામાં આવે છે તેને "દિવ્યપ્રેમ" કહેવામાં આવે છે. આ દિવ્યપ્રેમ રૂપી ઘી, પરમાર્થરૂપી યજ્ઞ સાથે જોડવામાં આવે તો દૈવી શક્તિઓ પ્રસન્ન થાય છે.

પછી પરમશક્તિ મંત્રની એક માળાની આહૂતિઓ અપાઇ. ફરી ૪-૫૦ વાગે આજ ક્રમ દોહરાવવામાં આવ્યો. યજ્ઞના ત્રણ પાયા. અગ્નિહોત્ર, બીજો મંત્ર પ્રયોગ અને ત્રીજું સાધકની શ્રધ્ધા

ભાવના. અહીં આ ત્રણેયના સંયોગથી દીપયજ્ઞની પવિત્રતા અતિ પ્રજ્વલિત થઇ કારણ આ તો મા ગાયત્રીનું નિવાસ સ્થાન અને પૂજ્યશ્રીની સુક્ષ્મ હાજરી.

આજના યજ્ઞમાં ભાગ લેનાર સૌ કોઇના ચહેરા પર અતિ પ્રસન્નતા ત્થા સંતોષ છે. પરમાત્મા સૌને 'દિપ' જેવું સ્વયં પ્રકાશિત (જ્ઞાનમય) જીવન અને ઉંચે ઉઠવાની તમન્નાવાળું મનોબળ, આપે એવી પ્રાર્થના.

ત્યારબાદ પરમશક્તિ ધૂન, નરેન્દ્ર રાજષ્ટક, સદ્‌ગુરૂદેવની આરતી અને પરમશક્તિની આરતી સમૂહમાં ગાવામાં આવ્યાં અને અંતે આજની તપસ્યાને, આજના યજ્ઞ કર્મને ને ઉપાસનાને ધ્યાનસ્થ કરવા માટે પાંચ મિનિટ ધ્યાન ધરવામાં આવ્યું.

આખાય દીપયજ્ઞના સંચાલક શ્રી જશવંતભાઇની ધીરજ, સમજ, વ્યવસ્થા અને કર્મકાંડની પવિત્રતાને વંદન કરવાં રહ્યાં.

હવે પૂજ્ય બ્હેનજીએ આધ્યાત્મિક યાત્રાનો મર્મ અને ધર્મ સમજાવ્યાં. તેમણે કહ્યું કે, આધ્યાત્મિક યાત્રાને છ વર્ષ પૂરાં થાય છે. આ યાત્રા દ્વારા આપણે ભગવાનના દ્વારે પહોંચવાનું છે, દ્વાર ખોલાવવાના છે, એમની સાથે બેસવાનું એટલે કે એમાં સમર્પિત થવાનું છે. દિપયજ્ઞ તેનો ભાગ છે. દિપની જ્યોત સાથે આપણી આતમજ્યોત પણ પ્રજ્વલિત થાય અને બન્ને એકાકાર થઇ આપણા જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ભરી દે એવી ભાવના કરવાની છે. સત્સંગના માધ્યમથી ષડ્‌રીપૂઓના આવરણો દૂર કરવાનાં છે.

આખાય વાતાવરણમાં આધ્યાત્મિક પ્રસન્નતા પ્રસરાવવા, હવે શ્રી મુંજાલભાઇએ પ્રાર્થના કરી. યા દેવી સર્વભૂતેષુ, શક્તિરૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ. માતાજીના ચરણમાં સૌ પ્રથમ ભાવવંદના કરીને તેમણે ગુરૂવંદના કરી.

મા ભગવતીના પાટોત્સવમાં ગામેગામથી ઉડીને આવેલા પરમના પારેવડાંને તેમણે 'ૐ મા ૐ' કહ્યાં. અને ગાયું કે. એક બાર વંદના, બાર બાર વંદના, મેરે ગુરૂજીકે ચરણમેં હજાર વંદના. આખાય માહોલમાં આ ગીતથી ઉત્સવ સુગંધની સુરભિ પ્રસરી ગઇ.

બરાબર ૬-૦૫ વાગે પૂજ્યશ્રી પધાર્યા છે. ક્રીમ કલરના ચૂડીદાર, કફની, અચકનમાં અતિ પ્રિય સ્વરૂપની ઝાંખી થઇ છે. ગળામાં સોનાની ચેઇનમાં હૃદય આકારના લોકીટમાં પરમશક્તિ મંત્ર છે. "સદ્‌ગુરૂ દેવની જય" નો પોકાર થયો છે. ભક્તોની દૃષ્ટિ, પૂજ્યશ્રીના ચરણોમાં વંદન કરતી સ્થિર થઇ છે, પૂજ્યશ્રીએ સ્નેહ સત્કારનો, આશીર્વાદથી પ્રત્યુત્તર આપ્યો છે. વાતાવરણમાં ઉત્તેજના, ફેલાઇ છે. અને હવે મુંજાલભાઇએ કહ્યું કે, ગુરૂપૂર્ણિમાંમાં આપણે ગુરૂમય થઇએ, માનવતા દિને રાજયોગીમય બનીએ અને આજે પાટોત્સવે આપણે 'મા-મય' બનીએ. તેમણે સ્વરચિત ગીત રજૂ કર્યું.

**"તવ તેજને ઓ ત્રિપદા, અવની ઉપર ઉતારો.**
**વિનવું છું વેદમાતા, પાટોત્સવે પધારો."**

ભક્તિગીતનો એક એક શબ્દ, મધુર કંઠ અને સંગીતનો સહયોગ. આ ત્રિવેણીએ ભક્તસમુદાયને આનંદથી ડોલાવી દીધા, બીજાં પણ કુટીર ગીતો દ્વારા માતાજીની આરાધના થઇ અને પૂજ્યશ્રીના સ્વરૂપમાં મનોહર મૂર્તિ ઘડવા બદલ સૃષ્ટિ સર્જકને વંદન થયાં.

હવે ૬-૪૫ વાગે આજના પાટોત્સવે શિષ્યસ્નેહી, અમીદૃષ્ટા અને કૃપાસાગર પરમ પૂજ્ય ગુરૂદેવે આશીર્વચનની શરૂઆત કરી. ઉપાસનાના પગથિયામાં ડગ માંડતા ભક્તોને અદ્વૈતનો સાક્ષાત્કાર

કરાવવાનો સરળ ઉપાય તેમણે બતાવ્યો. અતિ કઠિન આધ્યાત્મિક માર્ગના કંટકો દૂર કરી સરળતા અને સહજતા પ્રદાન કરતા, એમના આશીર્વચનના એક એક શબ્દની ગહનતાએ ભક્તમાનસને હચમચાવી દીધું. પૂજ્યશ્રીના સચોટ, માર્મિક અને સરળ શબ્દો કદાચ્ સમજાઇ જાય તો પણ પૂજ્ય ગુરૂદેવ જેવી ઉપાસનાના અનુશાસનમાં રહેવું ખૂબ કઠણ છે.

આજે પૂજ્યશ્રીએ શ્રધ્ધા સ્થાનનું મહત્ત્વ બતાવ્યું છે. તેમણે કહ્યું કે, આ સ્થાનના રોમેરોમમાં ૐ મા ૐ નો નાદ ગુંજે છે, આ શ્રધ્ધાળુઓ માટે શરણ સ્થાન છે, તો ભક્તોની આધ્યાત્મિક ઉર્જાને સતેજ કરતું પવિત્રધામ છે. સાત્વિક શાંતિના અગત્યના પરિબળોની સમજ આપતાં તેમણે મનના તરંગોને નિયંત્રણમાં રાખવા મૌન અને ધ્યાન ચાલુ રાખવા જણાવ્યું. સતત સ્વમુલ્યાંકન દ્વારા આંતરિક ઘડતર અને ચણતર ચાલુ રાખવા કહ્યું અને સૌને અદ્વૈતનો અનુભવ થાય તેવા આશીર્વાદ આપ્યાં.

પૂજ્યશ્રી પોતાના દરેક ભક્તની આધ્યાત્મિક ઉન્નતિ માટે કેટલા પ્રયત્નશીલ અને ચિંતિત છે તેની પ્રતીતિ થઇ. અમે સૌ આપના શરણમાં આવીને ધન્ય થઇ ગયાં.

જોગાનુજોગ, આજે ગુરૂભક્ત મુ. નાન્દી સાહેબ દ્વારા અપાયેલ 'રેડીયો ટોક' નું ધ્વનિમુદ્રણ થયું. પૂજ્યશ્રીના નામ અને પરમશક્તિ મંત્ર સાથે આવનાર સદીમાં આધ્યાત્મિકતાના વધામણાં નામનો કાર્યક્રમ હવે પ્રસારિત થશે. તે પણ આનંદના સમાચાર છે.

હવે સૌ પ્રસાદ આરોગે છે. સેવ-ઉસળ ત્થા ઘઉંના લાડુનો પ્રસાદ લઇને સૌ ધન્યતા અનુભવે છે. માતાજીના અગિયારમાં પાટોત્સવમાં સૌ મનોમન સંકલ્પ કરીએ કે, હે ગુરૂદેવ, અમારામાં આપની આધ્યાત્મિક ઉર્જા વિકસતી રહે, અમે સદા આપના શરણમાં અને ચરણમાં રહીએ અને આપની કૃપાના અધિકારી રહીએ.

આજે પૂજ્યશ્રીએ જાતે ભક્તોને પ્રસાદ વહેંચ્યોં છે. ખવડાવ્યો છે. માતાજીના લાડલા બાળના સ્વહસ્તે પ્રસાદ પામનાર ભક્તો અતિ નસીબદાર છે. કહો કે, માતાજીએ સ્વયં પ્રસાદના રૂપમાં તમારા જીવનમાં આધ્યાત્મિક આનંદ અને ઉપાસનાની મીઠાશના રૂપમાં પ્રસાદ દ્વારા બીજ રોપ્યાં. સ્નેહના પવિત્ર જળથી શ્રધ્ધા અને શરણાગતિના વૃક્ષનું જતન કરવાનો આજના ઉપાસના દિને સંકલ્પ લઇએ.

॥ ૐ મા ૐ ॥

## પૂજ્યશ્રી ને અર્પણ

*વડોદરા તા.૩-૪-૯૭* *શ્યામ ઉપાધ્યાય*

**હોય ચિંતા લાખ પણ, ચિંતાનો મુજને ડર નથી.**
**આપની કરૂણા તણો, આધાર છે એ કમ નથી.**
**હો આપની દૃષ્ટિ પડેને, કંઇકના ભાવિ ફરે.**
**એ હૃદયમાં વિશ્વાસ છે, એ વાત પણ કમ નથી.**
**યોગીરાજ તુજ ચરણમાં, વંદન કરી નિશ્ચિત ફરૂં.**
**શિર છત્ર જો તારા મળે તો, એ ખુશી કાંઇ કમ નથી.**

## (૬) દિવ્ય સ્વપ્નાનુભૂતિ

*રાજયોગી નરેન્દ્રજી*

તા.૧૭-૧૦-૯૯ રવિવારે રાતે સ્વપ્નામાં માતાજી પધાર્યા. મને કહે " ચાલ તૈયાર થઇ જા." બીજે દિવસે સાંજે કુટિરમાં વસ્ત્ર પરિધાન કરવાના હતાં તે જ વસ્ત્રો મેં પરિધાન કર્યા.

માતાજી અને હું સાથે એક ખુલ્લા મેદાનમાં આવ્યાં. કેવી રીતે આવ્યાં તેનો મને ખ્યાલ નથી. દીવાઓની રોશનીથી સમગ્ર મેદાન પ્રકાશિત રહયું હતું. આ મેદાનમાં દિવ્ય યુગલો અને દિવ્ય વિભૂતિઓ અને સંતો બિરાજમાન હતા. દિવ્ય તેજની આભા તેમના મુખારવિંદ પર વર્તાતી હતી. દેખાવ ૩૫-૪૦ વર્ષના પ્રૌઢ જેવા લાગતા હતા. વસ્ત્ર આભૂષણો, સૌમ્ય સુંદર હતા. માતાજીએ વ્યકિતગત રીતે દરેકની પાસે જઇને મને પરીચય કરાવ્યોં.

પ્રથમ યુગલ **રાધાકૃષ્ણ** હતા. કૃષ્ણ મેઘવર્ણના નહોતા લાગતા. ઘઉવર્ણના હતા. પીળું પીતાંબર પરિધાન કર્યું હતું. બીજું યુગલ **શંકર પાર્વતીજી** હતા. ભદ્ર પરિવેશ હતો. ગળામાં સર્પ કે માથે જટા ન હતા.ત્રીજું યુગલ **લક્ષ્મીનારાયણ** હતા.ચોથું યુગલ **સીતાજી રામજી** હતા.**ગણપતિ દાદા**ને સૂંઢ કે હાથીનું મુખારવિંદ ન હતું પરંતુ દુંદાળા હતા. **કાર્તિકસ્વામી**નો પરિચય કરાવ્યો. **હનુમાનજી** બાજુમાં બેઠા હતા. **થોડેક દૂર સંતશ્રી નરસિંહ મહેતા, મીરાંબાઇ અને તુકારામજી હતા.**

પરિચય થઇ ગયા પછી માતાજીએ મને ગરબે રમવા જણાવ્યું. હું એકલો જ રમતો હતો. પછી એક એક યુગલ આવીને મારી સાથે દાંડિયાથી રમ્યા. રાધાકૃષ્ણએ તો મને મધ્યમાં રાખી, મારી કમરે હસ્ત વીંટાળી રમ્યા. મેં પણ તેમની કમરે હાથ મૂકયો. એક પછી એક યુગલો સાથે રમ્યા પછી ગણપતિજી આવ્યા, બહુ મઝાના રમતા હતા. ત્યારપછી કાર્તિકસ્વામી રમવા આવ્યા. પછી દાંડિયા લઇને હનુમાનજી રમવા આવ્યા. મહાન સંતો નરસિંહ મહેતા, મીરાંબાઇ, તુકારામ એક પછી એક રમવા આવ્યા અને તેમના મધુર સ્વરે ગાતા હતા. પછી માતાજી મારી સાથે રમ્યા.

વ્યકિતગત ગરબા રમવાનું પૂર્ણ થયા બાદ બધા સાથે વર્તુળાકારમાં ગરબે રમ્યા. લગભગ ત્રણ કલાક સળંગ ગરબા રમવાનું ચાલ્યું એટલે હું થાકી ગયો, મેં માતાજીને હકીકત જણાવી. માતાજીએ મારા શરીર પર બંને હાથ પસવારી શકિતસિંચન કર્યું. મારામાં સ્ફુર્તિ આવી ગઇ અને મારી આંખ ઉઘડી ગઇ.

દિવ્ય યુગલ રાધાકૃષ્ણના હસ્ત અતિકોમળ, મૃદુ, મુલાયમ લાગતા હતા. માતાજીએ લાલ સાડી ભારતીય ઢબે પરીધાન કરી હતી.

## (૭) ગરબો

*( રચયિતા - ગાયક :- શ્રી રાજયોગી નરેન્દ્રજી )*

*તા. ૧૮-૧૦-૯૯,નવરાત્રી - અષ્ટમી*

### શ્રધ્ધાના ચોકે માડી ગરબે રમો રે.........

માવડી પધારો, ઝાંઝર ઝણકાવો, અંતર ઉજાળો રે.....
શ્રધ્ધાના ચોકે માડી ગરબે રમો રો..... શ્રધ્ધાના ચોકે.....

નોરતાની રાત આવી, ભકતોની ભીડ જામી,
રાજ બાળ રાહ જુએ રે... શ્રધ્ધાના ચોકે.....

પાયલનો સાદ થયો, રંગીલાનો રણકાર થયો,
ગરબો માનો ઘૂમી રહયો રે... શ્રધ્ધાના ચોકે.....

વીજનો ઝબકાર થયો, વર્ષાનો ઝંટકાવ થયો,
શ્રધ્ધા ભીંજાણી રે... શ્રધ્ધાના ચોકે.....

માવડી પધાર્યા, ભકતો હરખાયા,
રાજબાળ ઝૂમી રહયો રે... શ્રધ્ધાના ચોકે.....

માડીને બાળ ઘૂમે, શ્રધ્ધા કુટિર ઝુમે,
ગરબાનો રંગ જામ્યો રે... શ્રધ્ધાના ચોકે.....

ઓમકારનો નાદ થયો, ભકતો સહુ ધન્ય થયા,
રાજબાળ વંદી રહયો રે... શ્રધ્ધાના ચોકે.....

### સુખનું મોતી સંતોષની છીપમાં જ પાકે છે

માનવી એક વસ્તુ મેળવવા મથે છે. એ માને છે કે એ વસ્તુની પ્રાપ્તિ એને સુખને શાંતિ આપશે. પરંતુ એ વસ્તુ જયારે એને મળે છે. ત્યારે એનો ઉપભોગ કરવાની એનામાં શકિત હોતી નથી. વસ્તુની પ્રાપ્તિ માટેના પ્રયાસોમાં જ એની સર્વશકિત વેડફાઇ ગઇ હોય છે. એટલે આખરે એને ઈચ્છિત વસ્તુ તો પ્રાપ્ત થાય છે. પણ એ વસ્તુની પ્રાપ્તિથી એને સુખને શાંતિ મળતા નથી અને પાછી માયાવી લાલસાની મોહિની તો એને લલચાવતી, એના મોહને આકર્ષતી, એની અતૃપ્તિને આમંત્રતી મોહકરૂપધારી સામે ઉભી જ હોય છે અને પછી મૃગજળ પાછળ ભટકતા જેમ મોહાંધ માનવની એની એ જ દોડધામ અને પરિણામે પાછું એનું એ જ ધૂળ પરનું લીંપણ. એની એ જ અસંતોષની અતૃપ્તિની આગ. સુખ-શાંતિ કે સંતોષને બદલે સંતાપના આંસુ ! માનવી જયારે સમજશે સુખનું મોતી સંતોષની છીપમાંથી જ પાકે છે ! અને સાચી શાંતિ રાગના ત્યાગમાં તૃપ્તિના ત્યાગમાંથી જ જન્મે છે.

# (૮) શ્રધ્ધામાં દુર્ગાષ્ટમીની ઉજવણી

*તા. ૧૯-૧૦-૯૯* — *હેમંત ઉપાધ્યાય*

***“આસો સુદ આઠમ - ૯૯”***

વીસમી સદીની આ અંતિમ નવરાત્રિની આઠમ અનેરી બની રહી. તિથિ પંચાગ પ્રમાણે નવરાત્રિના અંતિમ દિવસે આઠમ રહી. ૧૮ ઓક્ટોબરની સાંજ શ્રધ્ધા કુટિર માટે અતિ આનંદની બની રહી. સાંજે છ વાગ્યાથી જ ભક્તોની ભીડ વધતી ગઇ. અહીં મંદિર પણ છે અને મંદિરમાં તો ભક્ત દર્શન કરીને પાછો જાય, પણ અહીં તો જે આવ્યો એ બેસતો જ જાય. ભૌતિક દૃષ્ટિએ કુટિર અને ચોકનું ક્ષેત્રફળ કદાચ્ આટલા મોટા માનવસમૂહને સમાવવા અને ગરબે રમાડવા, અશક્તિમાન કહી શકાય પણ અહીંતો દરેકના દિલમાં બિરાજેલ વિશાળ હૃદયના ગુરૂદેવની કૃપાથી કોઇએ સંકોચ કે ગીચતા અનુભવી નથી. પૂ. બ્હેનજીએ પણ આની સુખદ નોંધ લઇને સૌને બિરદાવ્યા હતા.

પૂજ્યશ્રી પધાર્યા છે અને સાંજે ૬-૩૦ વાગે, માતાજીના આંગણમાં ભક્તો દ્વારા, માતાજીને ભાવવંદના પ્રગટ કરતો ગરબો શરૂ થયો છે. સૌની શારીરિક શક્તિને અદમ્ય ઉત્સાહ આપવાનું સત્કાર્ય, ગાયકવૃંદ દ્વારા થઇ રહ્યું છે. સુંદર શબ્દો, સુરીલો કંઠ અને વાજીંત્રોનો મનમોહક સંગાથ, આ ત્રિવેણી તો નવરાત્રિની દરેક સંધ્યાનું આભૂષણ છે અને આજે તો ગાયકવૃંદ પણ નવીન રચનાઓ સાથે ભક્તિભાવના સાગરમાં સૌને આનંદ કરાવવા સજ્જ થયું છે.

ગરબા શરૂ થયા છે. અભિમન્યુના સાત કોઠાની જેમ વર્તુળની અંદર વર્તુળ રચાયાં છે. પોતાની મસ્તીમાં ઝૂમતા ભક્તને, તે ક્યા વર્તુળમાં છે તે શોધવો પણ મુશ્કેલ છે. ગરબાની રમઝટ શરૂ થઇ છે. દરેક ભક્ત પ્રથમ મંદિરના દ્વારે અને પછી પૂજ્યશ્રીને મસ્તક નમાવતો, વિવિધ મુદ્રાઓમાં ફરતો નજરે પડે છે. દરેકના ચહેરા પર ભાવ જૂદો, દરેકના સ્ટેપ જૂદા, દરેકની ઝડપ જૂદી અને છતાંય સૌની શ્રધ્ધા એક જ. પૂજ્યશ્રીએ તામ્રવર્ણી કફની ત્થા સુરવાલ પહેર્યા છે. સુંદર કેડીયું બાંધ્યું છે. ગળામાં મોતીની માળા છે. અતિ મોહક રૂપ સૌને આકર્ષી રહ્યું છે. ગરબાના શબ્દો છે. “તમે જગની જનેતા કહેવાવો. શાને દર્શન કાજે તરસાવો”. અને પૂજ્યશ્રીએ પણ ગરબો ગવડાવવામાં સાથ શરૂ કર્યો છે. માતાજીએ પૂજ્યશ્રીને અનેકવાર વ્હાલ કર્યું છે અને આજે પૂજ્યશ્રી વાણી-વ્હાલથી ભક્તોને ભીંજવી રહ્યા છે. શક્તિની દવાઓ વગર સૌનામાં અદ્‌ભૂત શક્તિસંચાર થઇ ગયો છે. એક ખૂબ મોટી ઉંમરના માજીને ગરબામાં ઝડપથી ફરતા જોયા ત્યારે થયું. વાહ પૂજ્યશ્રી આપની વાણીની શક્તિને અમારાં કોટિ કોટિ પ્રણામ.

હવે કૃપાલિનીબ્હેન અને અંજલિબ્હેને કથ્થક અને ભરત નાટ્યમ્ દ્વારા સરસ કૃતિ રજી કરી. મા કાલિકા અને મહિષાસુરના વેષમાં આ બન્ને બ્હેનોએ જૂદી જૂદી મુદ્રાઓ દ્વારા ગીત રજૂ કર્યું. “મૈં ધરૂં તિહારો ધ્યાન. ધ્યાન મોહિ દિજે હો કાલી.” કાલીકાના હોઠ લાલ છે. શંખ-ચક્ર-કમળ-કાલી-ધ્યાન-આસન-વીણા વગેરે અનેક મુદ્રાઓ દ્વારા અનેક ભાવો રજૂ થયા. માતાજીના ચોકમાં નવરાત્રિમાં કદાચ્ પ્રથમવાર ભરત નાટ્યમની મુદ્રાઓ દ્વારા સ્તુતિ થઇ. મહિષાસુર પર પ્રહાર કરતા મા કાલિકાનું રૌદ્ર સ્વરૂપ, જીભ બહાર, મોટી આંખો અને ક્રોધમય ચહેરો. ભક્તોએ તાળીઓના મોટા અવાજે આ દૃષ્યને વધાવી લીધું. કહો કે આજે આ સૂચક ભાવ હતો. હવેના સંધિકાળમાં તમારૂં મન, નવસિધ્ધાંતો અને

માનવતાવ્રતનું ચુસ્ત પાલન ન કરે તો ભક્તિના રૌદ્ર સ્વરૂપથી હવે નાથી લ્યો. અને તો જ તમે પૂજ્યશ્રીના સોહામણા સ્વપ્ન. "સુખમય સ્વર્ગ" ના ભાગીદાર બની શકશો. બન્ને બ્હેનોનો પરિશ્રમ અને વંદના અભિનંદનીય રહી.

હવે રજૂ થયું "દિપ-નૃત્ય" દિપક એ તો દેવ છે. સૃષ્ટિની રચનામાં અગ્નિતત્વ વંદનીય છે. તમારા આતમનો દિપક પ્રગટી ઊઠે એમાં સ્નેહ અને સેવાનું તેલ પુરાઇ જાય અને સદ્બુધ્ધિની વાટ પ્રગટી ઊઠે તો આ જગત રળિયામણું છે. પૂજ્યશ્રીનું જીવન પણ એક અતિ સોહામણા. પ્રકાશિત દિપ સમાન, બનીને આખા વિશ્વના ભક્તોના હૃદયમાં માનવતા પ્રકાશિત કરવા ઝગમગી રહ્યો છે ત્યારે આ દિપૃનૃત્ય અતિ સૂચક છે. ગાયકવૃંદે ગરબો શરૂ કર્યો છે. "દિવડા ઝગમગ ઝગમગ થાય, આરતી શ્રધ્ધા ચોકે થાય" દિવડાની થાળી બન્ને હાથોમાં વારાફરતી ઉછાળતી, અનેક ભાવમુદ્રાઓ દ્વારા એમણે ભક્તોની ભાવનાઓને વાચા આપવાનો પ્રયત્ન કર્યો. ભાવનાબ્હેન અને હિનાબ્હેન જ્યારે આ નૃત્ય કરતાં કરતાં પૂજ્યશ્રીની આરતી ઉતારી અને આશકા લીધી ત્યારે ભક્તોએ જોરદાર તાળીઓથી સંસારના દિપક અને માતના બાળ દિપકના મિલનને વધાવી લીધું. બન્ને બ્હેનોની કૃતિ પ્રશંસનીય રહી.

હવે ચણીયા ચોળી પહેરેલ નાની બાળાઓ દ્વારા ગરબો થયો. ગરબાના શબ્દ છે. "નટવર નાનો રે. ગેડીદડો કાનાના હાથમાં" કેવું સામ્ય નાની બાળાઓનો નટવર પણ નાનો. આજના જમાનામાં ધંધાકીય ગરબા-આયોજનોમાં નાની બાળાઓ ક્યાંય જઇ શકતી નથી ત્યારે શ્રધ્ધા ચોક. બાળાઓ માટે નવરાત્રિના આનંદનું ઉત્તમ સ્થાન બની ગયું છે. હવે તો કુટિર, બાળસંસ્કાર માટેનું પ્રાંગણ બની ગયું છે. બ્હેનજીની બાળસંસ્કાર દૃષ્ટિને સલામ.

હવે સૂચિત નામ વાળા ભાઇ-બ્હેનોનો ગરબો શરૂ થયો. દરેકે કેડીયું અને માથે ફેંટા બાંધેલો છે. જોગાનુજોગ ગણો પણ નવ જ ભાઇઓ અને બ્હેનો છે. પૂજ્યશ્રીએ કેસરી રંગનો મુખીયાજીનો ડ્રેસ પરિધાન કર્યો છે. ગળામાં સફેદ મોતીની માળા છે. હાથમાં લીલા રંગના દાંડીયા છે. કૃષ્ણનું અતિ સોહામણું સ્વરૂપ જ જોઇ લ્યો. પૂજ્યશ્રી પણ ગરબામાં પધાર્યા છે. વચ્ચે એકલાજ, અદૃષ્ય સંગાથ સાથે સાથે રમે છે. ગરબાના શબ્દો છે. "નહીં આપું હો નંદજીના લાલ રે. મહિડાં અમારાં રે". ભક્તોએ પૂજ્યશ્રીની ભાવમુદ્રાઓને વંદન કર્યા. તેઓ મોરલી વગાડે છે. ગાયકવૃંદે ખૂબ સુંદર જમાવટ કરી છે. ઘડિયાળની ગતિને જોવાનો કોઇનેય સમય નથી. માત્ર સૌ જૂએ છે પૂજ્યશ્રીની ભાવભક્તિને.

હવે ૮-૪૦ વાગે મોટાઓનું બીજું ગ્રુપ આવ્યું છે. સુંદર જમાવટ થઇ છે. ગરબાના શબ્દો છે. " કાન તારી મુરલીયે મોહીને ગરબો ઘેલો કીધો..." અને " ગોધરામાં ટહૂકયા મોર મળવા આવો ને સુંદરવર શામળીયાં..." પૂજયશ્રી પણ ગરબામાં આવ્યા છે. આકાશમાં દૃષ્ટિ સાથે દાંડીયા ફેરવે છે. અચાનક જોરથી રાસ રમતાં હોય તેવા દૃષ્યો દેખાય છે. પૂજયશ્રીની દિવ્યદૃષ્ટિ, માતાજીની અદૃષ્ય હાજરીથી રાસ રમે છે. ચહેરા પર મલકાટ છે. આનંદના સાગરમાં હિલ્લોળતાં ગુરૂદેવના દર્શન કરવાં, એવું સદ્નસીબ કયારેક જ મળે.

આજના શુભદિને પૂજયશ્રીએ ભકતોને સ્વરચિત ગરબાની ભેટ ધરી છે. પૂજયશ્રીના હૃદય સ્પંદનો, શબ્દ બનીને ગરબામાં અંકિત થયા છે અને પૂજયશ્રીની ભાવના જૂઓ. ગરબાના શબ્દો છે. "માવડી

પધારો, ઝાંઝર ઝણકાવો, અંતર ઉજાળો રે... શ્રધ્ધાના ચોકે માડી ગરબે ઘૂમે રે...." પૂજયશ્રીની સતત્ વિનંતિ હોય છે કે, માતાજી, મારાં ભકતો સાથે ગરબા રમો... ભકતોના તારણહાર પૂજયશ્રી ભકતોને માતાજીના સીધા સંપર્કમાં લાવવા કેટલા પ્રયત્નશીલ છે. એ જાણી એમના શિષ્યભાવને ભકતોએ શત્ શત્ વંદન કર્યા. અમને આશા છે કે, શ્રધ્ધા ચોકમાં ગરબે રમનારો ભકત, માતાજીની અનૂભુતિ ચોક્કસ કરશે. ગાયકવૃંદનો સાથ અને પૂજયશ્રીના સ્વકંઠમાં ગવાતા ગરબાના એકએક શબ્દ ભકતોને પુલકિત કરી ગયાં. હવે તો પૂજયશ્રી ગરબો ગવડાવતાં ગવડાવતાં નર્તન મુદ્રાઓ કરે છે. આલાપ આપે છે. સૌને ભકિતસાગરમાં ડૂબાડીને આપણા સૌનો નાવિક પૂજયશ્રી કેવા આનંદે છે એ દૃષ્ય અતિ સોહામણું છે. પછી શરૂ થયું" માડી તારા આંગણે મોર નાચે " પૂજયશ્રી ડાબા હાથે જમણા પગની પાની અને જમણા હાથે ડાબા પગની પાની પકડીને, ગજબની ભાવના વ્યકત કરે છે. આનો સંકેત તો પૂજયશ્રી કહે ત્યારે જ ખબર પડે પણ આપણે તો એટલું જ સમજીએ કે બન્ને હાથ અને બન્ને પગને અવળાસવળી કરીને માતાજીની ભકિતમાં પરોવી દો. જેથી કોઇ અંગ ભકિતની શકિતથી વંચિત ન રહે.

આજના આ શુભ અવસરે રાજકવિ સતીષભાઇએ પણ ભાવવંદના કરી., ખૂબ સૂચક શબ્દોમાં એમણે કહયું," મા ભીના હૃદયમાંથી ટપક થાતી કરૂણાનું, મને જીભે ચડે તેવું કહો તે નામ હું લઇ લઉં." શબ્દના એક એક પ્રાસ સાથે તેમણે પૂજયશ્રીના ચરણોમાં સૌ ભકતો વતી એક જ યાચના કરી કે, આપની સ્નેહગંગાથી અમે ભીંજાયેલા છીએ અને તમારા કૃપાવરસાદમાં જ સ્નાન કરતા રહેવાની તમન્ના છે, તો તમે અમને તમારા શિસ્તબધ્ધ સૈનિક બની રહેવાના આશિષ આપો.

ઘડિયાળે રાત્રીના દસનો સમય બતાવ્યો ત્યારે કુટિરમાં હકડેઠઠ બેઠેલા ભકતોએ નવસિધ્ધાંતના ઉચ્ચારણ પછી, પૂજયશ્રી સાથે " ૨૭ " પરમશકિતમંત્ર જાપ અને આરતી કરી અને સૌએ પોકાર કર્યો "હે માતે રહેજો સાથે..." ભકતોને કુટિર છોડવી નથી. સાનિધ્યના સુખદ આનંદમાંથી ખસવું નથી છતાંય કાલે પૂજયશ્રીને વહેલા મળવાની આશા સાથે સૌએ વિદાય લીધી. ત્યારે સૌના દૃષ્ટિપટલ સામે પૂજયશ્રીની અલૌકિક મુદ્રાઓ નિહાળ્યાનો સંતોષ અને સુખની ક્ષણો માણ્યાનો પરમ આનંદ હતો.

**॥ ૐ મા ૐ ॥**

## પૂજય ગુરૂદેવ

**જિજ્ઞાસાની તો પા પા પગલી ભરો**
**સંસારમાં સાત્વિકતાથી સતત દોડતા રહો**
**આંખ ખુલ્લી કરો, હૃદયને પવિત્ર કરો**
**બુધ્ધિને ચઢાવો એરણ પરે**
**તળેટીથી શિખર પર પહોંચી જશો.**

## (૯) " અનોખું તર્પણ અને શ્રધ્ધા યાત્રા "

*તા.૬-૧૨-૯૯* *હેમંત ઉપાધ્યાય*

***(તા.પાંચમી ડીસેમ્બર ૯૯ ના રોજ ગોધરા મુકામે પૂજયશ્રી દ્વારા આયોજિત સામાજિક પ્રસંગમાં શ્રધ્ધા કુટીરનાં ભક્તોએ માણેલ અનોખા તર્પણ પ્રસંગ અને શ્રધ્ધા યાત્રાનો અહેવાલ)***

શ્રધ્ધા કુટિરના ભક્તો આજે અતિશય આનંદમાં છે. જેમની શીતળ અને કૃપામય છાયામાં અમારાં કર્મો બદલાયાં છે. વાણી બદલાઇ છે, વિચારો બદલાયાં છે. અને જેમના દ્વારા અમારા જીવનમાં સુખના બાજઠ પર, શાંતિના કળશ મૂકી આધ્યાત્મિકતાના દ્વાર સુશોભિત કરાયાં છે એવા અમારા પરમપૂજ્ય ગુરૂદેવના જીવન ઇતિહાસના એક એક સીમા ચિન્હના દર્શને જવાનો સૌને મોકો મળ્યો છે. જ્યાં બાળપણમાં, યુવાનીમાં, માતાજીએ પૂજ્યશ્રીને સાક્ષાત્કારની અનુભૂતિઓ કરાવી હતી, તેવા એક એક સ્થળ, કુટિર ભક્તો માટે પુણ્યના પાળિયા બની ગયાં છે. ત્યારે આજે સૌ પોતાને પુણ્યશાળી માને છે અને પૂજ્યશ્રીનો ત્થા તેમના કુટુંબીજનોનો ઋણ સ્વીકાર કરે છે કે, એમના કૌટુંબિક, સામાજિક પ્રસંગમાં હાજર રહેવાની અનુમતિ આપી છે.

શાસ્ત્ર કહે છે કે, સદ્ગુરૂ, કોઇ વ્યકિત નથી, માનવ આકૃતિમાં બિરાજીત, એ તો પરમાત્માનું વ્યકિતત્વ છે. સદ્ગુરૂ તો કૃપાસાગર કહેવાય. એમની દૃષ્ટિ મળે તો કૃપા, આશીર્વાદ મળે તો કૃપા, સ્પર્શ મળે તો કૃપા, સ્નેહ મળે તો કૃપા, સ્મરણ મળે તો કૃપા, સેવા મળે તો કૃપા, સત્સંગ મળે તો મહાકૃપા અને ચરણનો સ્પર્શ મળે તો ભવોભવની કૃપા.

પૂજયશ્રીની " રાજસેના " આજે આપણા કૃપાસાગરની ગંગોત્રીના ઉદ્ગમ સ્થાનના દર્શને નીકળી છે અને એટલે આ મહાયાત્રા છે.

કુટિરથી બાર વાગે બસો ઉપડવાની છે. ત્રણ બસ આવી છે. સંકેત જુઓ, એક શિવ ટ્રાવેલ્સ, એક ૐ ટ્રાવેલ્સ અને એક ભવાની ટ્રાવેલ્સ. અહીં પહેલાં શિવ પછી ૐ અને પછી ભવાનીની બસ કતારમાં છે. પૂજયશ્રીનું પહેલું સ્વરૂપ શિવ ભકત સ્વરૂપ પછી ૐ કારેશ્વર સ્વરૂપ અને પછી ભવાની માતાજીના નામનું સ્વરૂપ. બરાબર ૧૨-૦૫ વાગે બસોનો પ્રારંભ થયો. અહીં ક્રમ બદલાયો. પહેલાં ૐ, પછી શિવ અને ભવાની. ખાસ નોંધવા લાયક બાબત એ હતી કે, આ બસો કતારમાં જ ચાલી. " ૐ " ટ્રાવેલ્સને કોઇએ ગોધરા સુધી ઓવરટેક નથી કરી અર્થાત્ હવે ૐ મા ૐ થી આગળ જવાની હિંમત કરવી નથી.

પ્રથમ દર્શન થયાં એ ભૂમિના જયાં સંસારના ડાકૂઓમાં સદ્બુધ્ધિનો સંચાર કરી, માતાજીએ પૂજયશ્રીને પ્રથમ સંકેત કર્યોકે, તારે જીવનમાં બુધ્ધિ સુધારના કાર્યો કરવાનાં છે અને એટલે જ આજે પણ પૂજયશ્રી કોઇની ભૌતિક બાબતોને પ્રાધાન્ય આપતાં નથી. પૂજયશ્રીના આજના " માનવતા વ્રત " નું બીજ, પરમશકિતએ આ સ્થળે વાવ્યું હશે. આ હતું વેગનપુરથી કાંકણપુર.

હવે દર્શન થયાં, કનેલાવ તળાવના કિનારે સ્થાપિત એ " શિલા " ના જેની પર બેસી પૂજયશ્રી " જયોતિષ "નું પુસ્તક વાંચતા હતાં અને માતાજીએ ૧૯૬૦માં કહેલું કે, તારે " જયોતિષ જ્ઞાનની જરૂર નથી " અનેકોના ભવિષ્ય લખનારો અને પ્રેતયોનિના પણ કર્મફળ બદલનારા, ભલા તારે જયોતિષ જાણીને

શું કરવું ? પૂજયશ્રીના આધ્યાત્મિક શકિત-સામર્થ્યની પહેચાન કરાવનાર આ શિલાના માત્ર દૂરથી દર્શન કરી શકયાં. મસ્તક ટેકવવાની ભાવના અધૂરી રહી.પૂજયશ્રીના જન્મ સ્થળમાંય, આ છે એ ભૂમિ એ સ્થાન જયાં માતા પ્રસન્નાએ જગતના આધ્યાત્મિક ક્રાંતિવીરને જન્મ આપ્યો. સિવિલ હોસ્પિટલના દર્શનથી સો ભાવવિભોર થઇ ગયાં. કુદરતી રીતે જ હશે પણ આ સ્થાન પર " શિવ" ની બસ આગળ ઉભી રહી. કયાં કોણ પ્રથમ હોય એના આ સંકેતો હશે. કાશ્ પૂજયશ્રીના જન્મવાળી એ રૂમ. જે હમણાં બંધ છે. એનો સ્પર્શ અથવા દર્શન થઇ શકયાં હોત.

ચિત્રા ટોકીઝ જોઇ અને હવે દર્શન થયાં એ પરમ પવિત્ર ભૂમિનાં જયાં પૂજયશ્રીના બાળચરણની એકએક રજ પથરાઇ છે એ મકાન એ દ્વાર, એ બારી, એ ઝરૂખો. માતા પ્રસન્ના અને પિતા બાપુલાલના સ્નેહ દરિયામાં આનંદિત પૂજયશ્રીની તવારિખો-ઇતિહાસની સાક્ષી દિવાલો, સંસ્કાર અને નીતિ સામર્થ્યના જયાં પાઠ ભણાવાયાં હતાં, જયાં નીડરતા વિકસી હતી, જયાં સ્વાભિમાન પ્રગટયું હતું આજે આ ખંડીયેર મકાનના બંધ બારણાંને પણ સૌએ નમન કર્યાં.

સામે દેખાય છે રણછોડજી મંદિર કાનો કૃષ્ણને મળવા જાય. આરતી ઉતારે. ઢોલ વગાડે. આ જ મંદિરની એ અતિ પવિત્ર લાકડાની પાટ જયાં માતાજીએ, પૂજયશ્રીને પયપાન કરાવેલું, પૈસા ગણાવેલા. ખૂબ જ ભાવપૂર્વક સ્પર્શ કરી પૂજયશ્રીની બાળપણની સુક્ષ્મ ચરણરજને શોધવાના પ્રયત્ન સાથે સૌએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ પુરાણા ઢોલનો પણ સ્પર્શ કર્યો. " બાળયોગી " કેવાં હશે. એની કલ્પનાઓ કરીને સૌએ આનંદ લૂંટયો.

હવે સૌ પહોંચ્યા છે પંચની વાડીમાં . જોગાનુજોગ આ જ વાડીમાં ગુજરાત સરકારનું સપ્લાય ખાતું પહેલાં બેસતું અને પૂજયશ્રીએ સરકારી નોકરીની શરૂઆત પણ આ જ મકાનમાંથી કરેલ. અહીં અમે પ્રાર્થના કરી કે, પ્રભુ અમને પણ આવી નોકરી આપજે કે થોડી નોકરી અને બાકી માનવસેવા કરી શકીએ.

પંચની વાડીમાં આજે ચિક્કાર માનવમેદની છે. પરમ પૂજય સ્વ. કાશીવાળા વૈદ્યરાજ બાપુલાલની સ્મૃતિમાં અનોખા તર્પણનો કાર્યક્રમ છે. સાદગીથી સ્ટેજ સજાવાયું છે. એક તરફ સંપૂર્ણ શિસ્તમાં, સાદગીથી કોઇપણ જાતના આસન વગર પૂજયશ્રીનો પરીવાર બિરાજીત છે. ૧૯૪૮માં સ્થપાયેલ ગોધરા ચોર્યાસી બ્રહમપંચના ટ્રસ્ટીઓ બેઠા છે. આ વિસ્તારના ચોર્યાસી જ્ઞાતિ પેટાજ્ઞાતિનાં તમામ બ્રાહ્મણોને પ્રીતિ-ભોજ માટે આમંત્રિત કરાયાં છે. પૂજય બાપુલાલની ત્રણ પેઢી પૂજય નરેન્દ્રજી-યોગેશ-કંદર્પ, આજના દિને સ્વર્ગસ્થના સ્મરણાર્થે ચોર્યાસીને બ્રહ્મભોજ કરાવી રહયાં છે. પૂજયશ્રીની સંકેતલીલા જૂઓ. " જીવન એવું જીવો કે, તમારી ત્રણ ત્રણ પેઢી તમારા ઋણનો સહર્ષ સ્વીકાર કરે. " આજના જમાનામાં પ્રથમ પેઢી પિતાનું કહેલું માનતી નથી ત્યારે પૂજયશ્રીને વિશ્વ આખામાં સુવાસ ફેલાવવાની શકિત આપનારને સ્મરણમાંથી કયારેય ન ભૂલવાનો આ સંકલ્પ કાર્યક્રમ હતો. પૂજયશ્રી બ્રાહ્મણ કૂળમાં જન્મ્યા હોવાથી એમણે આ વિસ્તારની તમામ બ્રાહ્મણ જ્ઞાતિની ત્રણ ત્રણ પેઢીને આમંત્રિત કરી, નમ્રભાવે સૌના દર્શન કર્યા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ચંદ્રકાન્તભાઇએ, ચોર્યાસી પંચની વિગતો આપીને આવા ભવ્ય આયોજનના પરિશ્રમી યોગેશ-ભાવનાને અભિનંદન આપ્યા. સ્વ. બાપુલાલે, ગોધરાને કર્મભૂમિ બનાવી માટે એમનો ઋણ

સ્વીકાર કર્યો. એમણે કહયું કે, ભોજન તો નિમિત્ત છે પણ આવા આયોજનનો વિચાર, વંદનીય છે માટે નરેન્દ્રજીના સમગ્ર પરિવારનો અને ખાસ કરીને કુસુમબાનો તથા પૂજયશ્રીનો આભાર માન્યો.

દિવાલ પર લટકાવેલ લાલચાદર પર ફુલોનો આછો શણગાર છે. મંડલેશ્વર મહાદેવના શિવલીંગની પૂજા કરતાં પરસનબાનો ફોટો છે તથા એમાં જ પૂજય બાપુલાલનો પણ ફોટો છે. એક રાજવીને પણ આંબી જાય એવી છટા, તેજ અને આકૃતિવાળી આ છબીને વારંવાર દર્શન કરવાનું મન થાય.

હવે મુંજાલભાઇએ આજના પ્રસંગને દિપાવે તેવા મંગલાષ્ટક રજૂ કર્યાં. એકએક શબ્દ, ભાવના અને ખૂલ્લા કંઠથી ગવાયેલા મંગલાષ્ટકે આખીય વાડીમાં પ્રસન્નતાના તરંગો ફેલાવી દીધાં. પૂજયશ્રીના જીવન ઇતિહાસને આલેખતું આ મંગલાષ્ટક પ્રશંસનીય અને વારંવાર સ્મરણીય રહયું.

હવે ચોર્યાસી બ્રહ્મપંચના ટ્રસ્ટી શ્રી નંદલાલ મહેતાએ પૂજયશ્રીનું શાલથી સત્માન કર્યું. પૂજયશ્રીના સામાન્ય સામાજિક સ્વરૂપને જોવાનો આ અદ્‌ભુત લહાવો હતો. ચંદ્રકાન્તભાઇએ એમને સન્માનપત્ર અર્પણ કર્યું છે. આધ્યાત્મિક પ્રસંગોમાં કદી ફુલ નહીં સ્વીકારનારાં પૂજયશ્રી, સામાજીક પ્રસંગમાં, શિસ્તબધ્ધ યજમાન તરીકે પંચના ટ્રસ્ટી દ્વારા ફુલછડી પણ હેતથી સ્વીકારી છે. પછી ભાનુબહેને કુસુમબાને, નાગેશ્વરભાઇએ યોગેશભાઇને, કોકીલાબહેને ભાવનાબહેનને, આશાબહેને પૂજયશ્રીના બહેન તારાબહેનને તથા ભાનુબહેને પૂજયશ્રીના બીજા બહેન રમાબહેનને પુષ્પગુચ્છ આપી સત્કાર્યા છે. પૂજયશ્રીના આધ્યાત્મિક સૈનિકો, પૂ.બહેનજી અને ઉષાબહેનનું પણ ભાનુબહેને પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું છે.

હવે આ વિસ્તારના માજી ધારાસભ્ય શાંતિભાઇ પટેલ, પંચના ભામાશા-રજનીકાન્તભાઇ પાઠકે, જિલ્લા વિકાસ આધિકારી ગુપ્તાજી, તાલુકા પંચાયતના સભ્ય રાજેન્દ્રભાઇ વગેરે સૌએ પૂજયશ્રીનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું છે.

શ્રી રજનીકાન્તભાઇએ પોતાના ટૂંકા પ્રવચનમાં જણાવ્યું કે, પંચની વાડીમાં આટલી મેદની કયારેય જોઇ નથી. ઇતિહાસમાં એક નરેન્દ્ર વિષે વાંચેલું, જે સ્વામી વિવેકાનંદ થઇને આખાય વિશ્વમાં છવાઇ ગયેલા. ગોધરામાં જન્મેલ અમારા નરેન્દ્રભાઇ પણ વિશ્વમાં છવાઇ ગયા છે. એનો અમને આનંદ છે. ઉત્તરોત્તર તેમની પ્રગતિની પ્રાર્થના કરતાં તેમણે સહુને “ જય ભગવાન ” કહયાં.

અહીં ખાસ નોંધવું રહ્યું કે, રજનીકાંતભાઇ સન્માન વખતે પૂજ્યશ્રીને ભેટ્યા, તેમને થાબડયા ત્થા વ્હાલથી ગાલ પર પણ ટપલી મારી. પૂજ્યશ્રીના સામાજીક સ્વરૂપના દર્શનથી કૃતાર્થ થઇ ગયાં.

હવે માજી ધારાસભ્ય શાંતિભાઇ કહ્યું કે,“ આજે આપણે પવિત્ર પુરૂષનું સન્માન કરવાં ભેગા થયા” છીએ. તેમણે કહ્યું કે,“ પંચમહાલ જિલ્લો પવિત્ર જિલ્લો છે. પાવાગઢમાં વિશ્વામિત્ર ઋષિએ તપ કરેલું. શક્તિની એ ધારા વિશ્વામિત્ર નદીના નામથી પ્રખ્યાત છે. દાહોદના કિનારે દધિચી ઋષિએ તપ કરેલું. જે ધારા દધિમતિ નદીના નામથી વહે છે. બધી જ નદીઓ પૂર્વમાંથી પશ્ચિમમાં જાય. દધિમતિ પશ્ચિમથી પૂર્વમાં જાય છે. રંગ અવધૂત મહારાજનો જન્મ પણ ગોધરામાં થયો. જેમણે ચાણોદને કર્મભૂમિ બનાવી. એમણે જે લીમડાનું દાતણ કર્યું તે લીમડો આજે પણ મીઠો છે. નારાયણ બાપુ હાલોલમાં થઇ ગયા. કૃષ્ણ ભગવાનની પત્ની ઋકમણિ, અહીંના કાંકણપુર ગામના ઋષિની પુત્રી થાય. અહીં કુદરતી શિવલિંગ મહામંડલેશ્વર છે જેની પૂજ્ય બાપુલાલ અને પ્રસન્નબા પૂજા કરતાં. જાંબુઘોડામાં ભીમનો ઝરો છે જયાંથી

સતત પાણી નીકળે છે.”

આમ અહીં જન્મેલા પૂજ્ય નરેન્દ્રભાઇ, સૌ કોઇ કોમની વ્યક્તિ બની ગયાં છે. તેઓ પંચમહાલના પારસમણિ છે. આપણે સૌ એમના સ્પર્શથી કંચનમય બનીને જીવનમાં પ્રગતિ કરીએ એવી પ્રાર્થના.

**હવે પૂજયશ્રીએ ટ્રસ્ટીઓનો આભાર માન્યો. એમણે સંબોધન કર્યું. “આમંત્રિત મહેમાનો અને વિપ્ર બંધુઓ” આજે હું મારા પૂજ્ય પિતાશ્રીનું ઋણ અદા કરી રહ્યો છું. પિતૃભક્તિના ઋણથી આજે હું હર્ષ તથા દુ:ખની લાગણી અનુભવું છું.** પૂજયશ્રીનું આટલું ટૂંકું પ્રવચન ઘણું બધું કહી ગયું. “ પિતૃ દેવો ભવ ” આપણે બોલીએ છીએ પણ પિતૃઋણનું માહાત્મય, એની ભાવના અને એને અદા કરવાની સમજ દરેકમાં કેળવાય એવો આ સંકેત છે. માતાની સાથે પિતાને પણ પૂરા સન્માન, સ્નેહ અને સમર્પણના તેમણે અધિકારી બનાવ્યાં.

આજે એક બીજો પણ વિશેષ આનંદ હતો. સ્વ.બાપુલાલના સ્વકંઠમાં સંગ્રહિત ઓડીયો કેસેટ સાંભળવાનો. સ્પષ્ટ મંત્ર, શુધ્ધ ઉચ્ચાર ભાવનામય કંઠથી બોલાતા એક એક શ્લોકના તરંગોની પવિત્રતા માણવાનો. આ શ્લોકો સાંભળતાં થયું કે,આપણા વેદમંત્રોની પ્રતિભા કેવી હોઇ શકે. સમસ્ત વિપ્ર સમાજને આ નિર્દેશ હોઇ શકે કે, મંત્રમય બનતાં શીખીએ. એમના કંઠે જયારે ગાયત્રીમંત્ર સાંભળ્યો ત્યારે હૈયું પૂજયશ્રી બાપુલાલની વાણીની શકિતને મનોમન વંદન કરી રહયું.

હવે બ્રાહ્મણો જમવા બેઠા છે. એક સાથે લગભગ ૧૦૦૦ વિપ્રબંધુઓને, પિતામ્બર ધારણ કરી પ્રીતિ-ભોજ આરોગતાં જોવા એ પણ લહાવો છે. દાળ, ભાત , ફૂલવડી, બટાટા-વટાણા અને ગીલોડાંનું શાક, રાઇતું, પાપડ અને વિપ્ર પ્રિય લાડુ. ગાયત્રીમંત્ર અને પછી મહાદેવના સ્મરણ સાથે જયારે હરહર મહાદેવનો નાદ થયો, સૌએ ભોજનનો આરંભ કર્યો. ત્યારે કુસુમબા અને પૂજયશ્રીનું પુલકિત હૈયું, પ્રીતિ-ભોજ કરતાં બ્રાહ્મણોના દર્શને જવાનો ઉત્સાહ રોકી ન શકયું. એકે એકે પંગતમાં જઇને બ્રાહ્મણને મનોમન વંદન કરતાં કરતાં પૂજયશ્રી-કુસુમબાએ પિતૃઋણ અદા કર્યાનો સંતોષ માણ્યો અને ૫૦ વર્ષનું દામ્પત્યજીવન માણી ચૂકેલા આ દંપતિના ચહેરા પર સ્મિત અને સંતોષની લાગણીઓ જોઇને ભકત સમૂદાય પરોક્ષ રીતે દૂરથી એમના ચરણોમાં ભાવવંદના કરતો રહયો.

બીજી પંગતમાં પણ લગભગ ૫૦૦ થી ૭૦૦ બ્રાહ્મણો એ ભોજન લીધું, પૂજયશ્રી તરફથી સૌને એક ગ્લાસ અને લેમીનેટેડ માતાજીનો ફોટો તથા નવસૂત્ર અપાયાં છે. ગ્લાસ કેમ ભેટમાં આપાયો એ સમજવું રહયું.

ઠંડાઇ બનાવનારા ભૈયાજીઓ બે થી ત્રણ કલાક ઠંડાઇ લસોટે, વાટે, પસીનો પાડે ત્યારે ઠંડાઇ બને. તૈયાર કરતાં બે થી ત્રણ કલાક. આપણને ગ્લાસમાં પીતાં એક મીનીટ.

પૂજયશ્રી કદાચ કહેતાં હશે કે, મેં આખી જીંદગી માતાજીના સાનિધ્યમાં તપ કરી, અમૃતકુંભ ભર્યા છે. આજે પિતૃઋણમાં હું આ અમૃતકુંભ ખુલ્લા મુકી દઉં છું. આપ સૌ પ્રેમથી મારા તપના અને સામર્થ્યના અમૃતજળને પી શકો છો પણ અમૃતરસ તમને ફળ ત્યારે જ આપશે જયારે મા ગાયત્રીમય બની ને નવસૂત્રનું પાલન કરશો. ગ્લાસ પણ હું આપું, અમૃતરસ પણ હું આપું. પચાવવો તમારે હાથ છે.

જમીને સૌ નરેન્દ્રદેવ ગર્લ્સ હાઇસ્કૂલના ઉતારા પર આવ્યા. સંતોષની ભાવના અને સુખની અનુભૂતિ સૌના

ચહેરા પર છે અને ત્યાં દાદર પર બાજુમાં લખેલ છે. "સન્માર્ગે મેળવો સદ્‌માર્ગે વાપરો " કેટલું સૂચક પૂજયશ્રીએ માતાજી પાસેથી સન્માર્ગે મેળવ્યું છે અને વિશ્વના કલ્યાણમાં સદ્‌માર્ગે વાપરે છે.

અમારી સૌની મા ગાયત્રીને એક જ પ્રાર્થના કે, હે મા, અમારા જીવન ઉધ્ધારક પૂજયશ્રીની શીતળછાયામાં અમને એવું બળ આપજે કે, સન્માર્ગે મેળવી શકીએ અને એટલી હિંમત આપજે કે, સદ્‌માર્ગમાં વાપરી શકીએ.

પૂજયશ્રી અને તેમના સમગ્ર પરિવાર પ્રત્યે અહોભાવ, તેમના ઋણ સ્વીકાર સાથે રાત્રે બાર વાગે ભકતો શ્રધ્ધા કુટિર પાછા ફર્યા. બાર વાગે શરૂ થયેલી બાર કલાકની શ્રધ્ધા યાત્રા બાર વાગે પૂર્ણ થઇ.

બારનો સંકેત શોધવો રહયો.

॥ ૐ મા ૐ ॥

**યુધ્ધના આંગણે વજસમો અડગ**
**શું રાધાની નજરથી હારી ગયો ?**
**શું યશોદાના દોરડે બંધાઇ ગયો ?**
**રે કવિઓ ડૂબકી મારો,**
**શોધો શ્રીકૃષ્ણના હ્રદય વિરહતણા સ્પંદનોને !**
**॥ ૐ મા ૐ ॥**
**શ્રીકૃષ્ણે કોલ દીધો જગતને ધર્મના રક્ષણ અર્થે**
**પધારવાની રાહ કોની જુઓ છો ?**
**શું હજુ સમય પાકયો નથી પ્રાગટવાનો ?**
**આવે તુ પ્રેમ થકી સત્કાર તારો,**
**આ વખતે સંહારને સાથ ન લાવતો.**
**॥ ૐ મા ૐ ॥**
**નિઃસ્વાર્થ પ્રેમ અને સેવાના પ્રતિબિંબને નિહાળીને**
**પ્રવેશ અપ્યાં. શ્રીરામે એઠા બોરને મુખમંહી**
**બુધ્ધિના જ્ઞાનતણો લક્ષ્મણ, સ્ફટિક જેવા**
**સત્યને ન સમજી શકયો, શ્રીરામે ખુદ આપેલ**
**બોર, રાજતણા આવરણથી હડસેલી દીધા.**
**દિવસો ફરતા ફરે કાળક્રમ ચાલ્યા કરે,**
**લક્ષ્મણ મૂર્છા વેળાએ, હડસાયેલા બોરની**
**વનસ્પતિ થકી, લક્ષ્મણ હોશમાં દાખલ થાય,**
**જગતતણા વ્યવહારોમાં, ઉપેક્ષા જડચેતનની ન થાય.**

## (૧૦) સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

ક્રમશ: ૮ ડૉ. તપસ્વી નાન્દી

શ્રી કૃષ્ણ જણાવે છે કે, આ સચરાચર વિશ્વમાં એવું કોઇ " પ્રાણી "- અર્થાત્ પ્રાણવાળું સચેતન તત્વ- નથી કે, જે ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી શકે, અરે છેવટે શરીરયાત્રાને નિભાવવા પણ કર્મ અનિવાર્ય રીતે આવશ્યક છે.

न हि कश्चित्क्षमपि जातु तिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यकशं कर्म सर्व प्रकृतिजैगुणैः ।। ३.५

આથી જ, नियतं कुरू कर्म त्वं कर्म ज्यायोडयकर्मणः।
शरीरयात्राडपि च ते न प्रसिध्धयेदकर्मणः ।। ३.८

જે. બાહ્ય કર્મ છોડીને મનથી આસક્ત રહે છે. એ તો ઢોંગી છે. ત્યારે કરવું શું? જવાબ છે.

यस्तविन्द्रियाणि मनसा नियम्यारभतेडर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसकतः स विशिष्यते ।। ३.७

જે મનથી ઇન્દ્રિયો પર લગામ ચડાવીને કર્મેન્દ્રિયોથી કર્મયોગ આચરે છે, મનથી જે અનાસકત રહે છે, તેનું સ્થાન વિશિષ્ટ છે. પણ આવું કર્મ કઇ રીતે આચરવું? તો, શ્રીકૃષ્ણ સમજાવે છે કે,

यज्ञार्थात्कर्मणोडन्यत्र लोकोडयं कर्मबद्धनः ।
तदर्थं कर्म कौन्तेय मुकतसंगः समाचर ।। ३.९

યજ્ઞાર્થે કરાયેલા કર્મ સિવાયના કર્મથી લોક કર્મનાં બંધનમાં જકડાય છે. તેથી યજ્ઞાર્થે, આસકિત ત્યજીને કર્મ આચરવું જરૂરી છે. આગળ શ્રીકૃષ્ણ જણાવે છે કે, બ્રહ્માજીએ યજ્ઞ સાથે જ પ્રજાઓને ઉત્પન્ન કરી અને જણાવ્યું કે, આ યજ્ઞ દ્વારા તમે વૃધ્ધિ પામશો, એ તમારી ઇષ્ટ કામનાઓ પૂરી કરશે. યજ્ઞ દ્વારા તમે દેવોને સાચવો અને દેવો તમને સાચવશે. આમ અરસપરસની સાચવણીથી તમે પરમશ્રેયને પામશો. આપણે આ સ્થળે " દેવો " ને સ્થાને યોગ્ય અધિકારી વ્યકિતઓ એવો અર્થ ઘટાવી શકીએ. સુપાત્રે કરેલું દાન દ્વિગુણિત થઇને લાભ આપે છે. એવો એ વચનનો મર્મ છે, મહત્તમ મહિમા છે યજ્ઞનો, નિષ્કામ દાનનો. શ્રીકૃષ્ણ જણાવે છે કે, યજ્ઞમાં આપ્યા પછીનું વધેલું ખાનાર બધાં જ પાપોમાંથી મુકત થાય છે. અર્થ એવો છે કે, વ્યકિત કુટુંબ, સમાજ, પ્રદેશ, દેશ, વિશ્વ અને સમગ્ર સચરાચર જગતને જ અર્પણ કરીને પછી પોતે જમે છે, ભોગવે છે. તેનાં પાપ દૂર થાય છે. જે કેવળ "स्व" કાજે પકાવે છે તે પાપીઓ પાપ ખાય છે.

भुंजते ते त्वघं पापाः ये पचन्त्यात्मकारणात् । (३/१३ब)

આથી આસકિત વગર "असकतः" સદા કરવા લાયક કર્મ કરવું જોઇએ. અસકત રીતે કાર્ય કરનાર પુરૂષ પરમપદ પામે છે. એને પરમતત્વનો સાક્ષાત્કાર થાય છે. જનક વગેરે રાજાઓ પૂર્વે કર્મ દ્વારા જ સિધ્ધિ પામ્યા છે અને

लोकसंग्रहमेवाडपि संपश्यन्कर्तुमर्हसि । (३.२० ब)

લોકકલ્યાણની ભાવનાથી પણ યજ્ઞાર્થે કર્મ કરવું ઇષ્ટ છે.

યજ્ઞાર્થે કર્મ કેવી રીતે થાય તે સમજાવતાં શ્રીકૃષ્ણ જણાવે છે કે,

मयि सर्वाणि कर्माणि सन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ।। ३.३०

બધાં જ કર્મો મારામાં અર્થાત્ પરમાત્માને વિષે કેન્દ્રિત કરીને, અધ્યાત્મમાં જોડેલા ચિત્તથી, બદલાની આશા વગર નિર્મમ ભાવે કાર્ય કરવાથી તે યજ્ઞસ્વરૂપ બની જાય છે.

## (૧૧) મહાશિવરાત્રી

*તા. ૪-૩-૨૦૦૦*

આજે શ્રધ્ધા કુટીરમાં શિવરાત્રીનું પાવનકારી પર્વ ઉજવાઇ રહયું છે. કુટીર શિવ-શકિતના સાનિધ્યમાં સુંદર સાજ સજીને મલકી રહી છે. ભાવિકોના ડગ શ્રધ્ધા તરફ દોડી રહયા છે. સોનેરી રંગનો બ્રીજીસ, પાયજામો, ખેસ અને ગળામાં મૌકિતકની માળા પરિધાન કરીને પૂજય ગુરૂદેવે સાંજે છ વાગે ભકતોના જયનાદ સાથે ઝુલા પર આસન ગ્રહણ કર્યું. સાક્ષાત્ શિવસ્વરૂપ ૐ કારેશ્વર પૂજય રાજયોગીજીની ઉપસ્થિતિથી કુટિર શિવાલય સમી શોભી રહી.

પૂજય બ્હેનજીએ **૨૫ વર્ષ** પૂર્વેના મહાશિવરાત્રીના પ્રસંગની યાદ દેવરાવી અને એ દિવ્ય મૌકિતકની માળા પૂજયશ્રીના ગળામાં શોભી રહી હતી. તેના દર્શન કરી ભાવિકો ભાવવિભોર બની ગયા. **સેવાયજ્ઞના ૨૫ વર્ષ પછી પૂજયશ્રીના આદર્શો, આદેશો અને સેવાયજ્ઞની ક્ષિતિજો વિશ્વભરમાં પ્રસરી રહે તે હેતુથી www.rajyoginarendraji.com ના નામની એક વેબસાઇટનું મંગલાચરણ કરવામાં આવ્યું. જેની પાસે ઇન્ટરનેટ, સાથેનું કોમ્પ્યુટર હશે. તેઓને પૂજયશ્રીનો લાભ મળી શકશે.**

આજના પ્રોગ્રામની વિગત દર્શાવી, મંત્રજાપથી ૫૦ મીનીટ સુધી વાતાવરણને આંદોલિત કરવામાં આવ્યું. પ્રથમ ત્રિપદા ગાયત્રીમંત્ર, પછી પરમશકિત મંત્ર ૐ મા ૐ અને છેલ્લો શિવપંચાક્ષર મંત્ર ૐ નમઃ શિવાય ની ધૂન કરવામાં આવી.

મુંજાલભાઇની રાહબરી હેઠળ ગાયકવૃંદે અતિભાવવાહી સુરમાં પ્રાર્થના, સ્તોત્ર, ભજનો રજૂ કરી, ભાવિકોને ભાવભકિતમાં તરબોળ કરી દીધાં. કુ.ટવીંકલ વોરાએ શાસ્ત્રીય સંગીત અને નૃત્ય સાથે પૂજારણના પરિવેષમાં ગણેશ સ્તુતિ રજૂ કરી. શ્રીમતી અંજલી શાહ અને કુ. કૃપાલીએ “ જય શિવશંકર, જયગંગાધર ” ના શાસ્ત્રીય ગાન સાથે સુંદર, હૃદયસ્પર્શી ભાવવાહી નૃત્ય રજૂ કરી શિવજીની સ્તુતિ, પૂજા, અર્ચના કરી સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરાવી દીધી.

કમલભાઇ જાની અને બાળકોની ભૂતમંડળીએ “ હાલો હાલો જોવા જઇએ રે શિવજીનો વરઘોડો ” નાચગાન સાથે રજૂ કરી ભાવિકોને ઝૂમતા કરી દીધા. વાતાવરણમાં આનંદનું મોજું પ્રસરી ગયું.

“ શિવમસ્તુ સર્વ જગતઃ ” એવા ભાવવાહી ઉદ્‌બોધન સાથે “ શિવજીને સમર્પિત થઇ જઇએ. ” તેવો અનુરોધ કર્યો. સંસારના કલહરૂપી વિષને મસ્તકમાં કે શરીરમાં પ્રસરવા ન દઇએ તો જ આપણે શિવત્વ પ્રાપ્ત કરી શકીએ તેમ જણાવ્યું.

“ ૐ ” ના સામૂહિક ઉચ્ચારણ, ૐ મા ૐ મંત્રજાપ તથા આરતી સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી.

# (૧૨) શિવજીને સમર્પિત થઇ જઇએ

*રાજયોગી નરેન્દ્રજી* *તા.૪-૩-૨૦૦૦*

વહાલા આત્મિયજનો,

" શિવમસ્તુ સર્વ જગત: "

**સર્વ જગત શિવમય બની રહો, જગતમાં સર્વત્ર કલ્યાણ વર્તાવો, જગતમાં સર્વત્ર શિવત્વ, શુભભાવના, શુભ સંકલ્પો જ વ્યાપી રહો. આવા શુભ કલ્યાણકારી સંકલ્પો અને આચરણ જ આપણા જીવનનું ધ્યેય બની રહો.**

શિવજી તો જ્ઞાનના દાતા છે. જ્ઞાનગંગાને તો શિવજીએ પોતાના મસ્તકમાં સમાવી છે. જ્ઞાનગંગાનો ફકત એક જ પ્રવાહ ધરા પર વહાવ્યો અને સગરરાજાના અજ્ઞાનના અંધકારમાં મૂર્છિત થઇ ગયેલા શાપિત પુત્રોને જ્ઞાનનો પ્રકાશ પાથરી જીવન બક્ષ્યું હતું. ભગીરથ રાજાનો અડગ નિશ્ચય અને સાત્વિક પુરુષાર્થ જ જીવતત્વને શિવત્વમાં સમર્પિત કરાવી શકયો અને જ્ઞાનગંગાને ધરા પર વહાવવા વિવશ બનાવી શકયો.

ધરા પર વહેતી ગંગા તો જ્ઞાન ગંગા છે, સ્વાસ્થ્ય ગંગા છે. આજે પણ આ પવિત્ર ગંગાનો પ્રવાહ, કેટલાય જીવોના તન, મનના મેલને ધોઇ રહયો છે. દુવૃતિઓથી દુષિત થયેલા જીવોને પાવન કરી રહયો છે. તન, મનને સ્વચ્છ, સ્વસ્થ અને સ્વાસ્થ્યમય બનાવી રહયો છે.

જ્ઞાનનો વિશાળ ઉધધિ તો હજુ શિવજીની જટામાં જ છુપાયો છે. આ જ્ઞાન સાગરને ધરા પર ઉતારવા માટે, શિવજીની જટા છોડાવવા માટે, શિવજીને રીઝવવા, પ્રસન્ન કરવા માટે આપણે તેમના પ્રીતિપાત્ર બનવા, તેમને સમર્પિત થવા તૈયાર થવું પડશે, ભગીરથ પુરૂષાર્થ કરવો પડશે. આપણે શિવમય બનવું પડશે.

શિવરાત્રીના મંગલ પર્વે બિલ્વપત્ર અને દૂધનો અભિષેક કરી શિવલિંગની આપણે પૂજા કરીએ છીએ. આ એક ચીલાચાલુ યાંત્રિક પ્રક્રિયા ન બની જતાં ભાવિકોનો સ્વચ્છ શુભ્ર, સર્વ સમર્પણ ભાવ કેળવાયેલો હોવો જોઇએ.

સંસારના કલહરૂપી વિષને આપણે મૌન રહી તટસ્થ ભાવે, વિવેકપૂર્વક પચાવી જઇએ, ગળી જઇએ તો ઘણી બધી વિસંવાદિતાઓ શમી જાય, અટકી જાય અને આપણા તન મનનું સ્વાસ્થ્ય જળવાઇ રહે. અન્યની સાથેના સંબંધો સુધરે, સલામત રહે, સાથે સાથે આપણું આંતરિક ઐશ્વર્ય વધે. **સંસારના વિષને જે મસ્તકમાં ન જવા દે કે શરીરમાં ન પ્રસરવા દે તે વ્યકિત જ શિવત્વને પ્રાપ્ત કરી શકે.**

સમયના વહેણમાં પર્વોની ઉજવણીનો આધ્યાત્મિક હાર્દ વિસરાતો જાય છે. લોકો પોતાની બુધ્ધિ તેમાં વિકૃતિઓ, દુષણો ઘૂસાડતા જાય છે. **સમાજ અંધશ્રધ્ધાથી પ્રેરાઇને આવી વિકૃતિઓ, દૂષણોનો શિકાર બનતો જાય છે. જે સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં ખતરારૂપ છે.**

અમાવાસ્યાના ઘોર અંધકારરૂપી અજ્ઞાન, અંધશ્રધ્ધા, અત્યાચાર, અનાચાર, આતંકવાદ, અવિવેક, અરાજકતા અને એવા કેટલાય અમાનવિય અપકૃત્યોનો અતિરેક જગતને ભરડો લે તેની પૂર્વે શિવરાત્રીનો દિવસ જગતને ઉગારવા માટે જ નિર્માણ થયો હશે. **આપણે જ્ઞાન, પ્રકાશ અને શિવત્વને પ્રાપ્ત કરી, શિવજીને આપણા સ્વામી, સહોદર બનાવી દઇ તેમના જ જ્ઞાન પ્રકાશમાં સુરક્ષિત થઇએ. જીવનપથના પથદર્શક, રાહબર શિવજીને સમર્પિત થઇ જઇએ.** મારા આપ સર્વેને આર્શીવાદ છે.

**॥ ૐ મા ૐ ॥**

## (૧૩) પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ - નાગપુર જીલ્લો - (૨)

પૂજય ગુરૂદેવ, રાજયોગીજી,“ અમારા કોઢાંલી વિસ્તારમાં ધોરીમાર્ગ પર થતાં જીવલેણ અકસ્માતથી અમને બચાવો. ગઇકાલે જ આ માર્ગ પર અગ્રવાલ પરિવારના ચાર માણસો નાગપુરથી પરત આવી રહયા હતાં ત્યારે તેમની મારૂતી કારને ભયંકર અકસ્માત નડયો અને બધા જ સભ્યો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યાં. ” કામાક્ષી રીસોર્ટના માલિક શ્રી રાજુભાઇએ ઉપરોકત હકીકત જણાવી, પૂજયશ્રીને પ્રાર્થના કરી કે “ આ વિસ્તારને ભયમુકત કરો, અકસ્માત મુકત કરો, પ્રેતાત્માઓને મુકિત આપો.”

તા. ૨૧-૧૧-૯૯ નાગપુરના કાર્યયજ્ઞ પછી બે દિવસ નાગપુરના થોડા ભકતો સાથે પૂજયશ્રી કામાક્ષી રીસોર્ટમાં રોકાયા હતાં. સત્સંગ દરમિયાન કામાક્ષી રીસોર્ટના માલિક રાજુભાઇ અને તેમના પરિવારે પૂજયશ્રીની આધ્યામિકતા વિષે જાણી અહોભાવ વ્યકત કર્યો અને બગોદરા લીમડી હાઇવે પર ફેબ્રુઆરી ૯૯માં યોજેલ પ્રેતાત્મા મુકિતયજ્ઞ દ્વારા આકસ્માત ઝોનને સુરક્ષિત કર્યો હતો. આવી વાતો વજુભાઇ અને તેમના પરિવાર પાસેથી જાણીને તેમણે આ વિસ્તારના અકસ્માત ઝોનને સુરક્ષિત કરવા પૂજયશ્રીને વિનંતી કરી.

તે જ દિવસે અમારે નાગપુર પરત જવાનું હતું પરતું ગઇકાલે રાત્રે જ થયેલા જીવલેણ અકસ્માતની વાતથી દુ:ખીઓના બેલી પૂજય રાજયોગીજીનું દિલ દ્રવી ગયું અને રાજુભાઇની વિનંતી સ્વીકારી અને આ સ્થળને અકસ્માતોથી સુરક્ષિત કરવા પોતાનો સાત્વિક, આધ્યાત્મિક પ્રયત્ન કરશે તેમ જણાવ્યું ; અને જરૂરી તૈયારી કરવા સૂચના અપાઇ. ટ્રાફીક પોલીસને તેમજ તે વિસ્તારના પી.એસ.આઇને જાણ કરવામાં આવી. પૂજયશ્રીએ સાત્વિક વિધિ કરી અભિમંત્રિત જળ તૈયાર કર્યું. આસન અને અગરબત્તી સાથે રાખવા જણાવ્યું.

સાંજે ૪-૩૦ વાગે કામાક્ષી રીસોર્ટની ટુરીસ્ટ બસમાં અમે સહુ પૂજયશ્રી રાજયોગી નરેન્દ્રજીની સાથે ગોઠવાયાં. ટ્રાફીક પોલીસની ગાડી અને અન્ય ગાડીઓ આગળ પાછળ ચાલી. ગ્લાનિ વરસાવતું વાદળ છાયું આકાશ હતું. સંધ્યાનો સમય હતો. સૂર્ય અસ્તાચળે રકતવર્ણો થઇ ગયો હતો.

પી.એસ.આઇ શ્રી નાગડે અને તેમના સ્ટાફ અકસ્માતની જગ્યાઓ બતાવી ધોરીમાર્ગનો ટ્રાફીક રોકતા હતાં. અકસ્માતની જે તે જગ્યા પર આસન પર ઉભા રહી અભિમંત્રિત જળ તાંબાના લોટામાં લઇ પોતાના આસનની ફરતે ત્રણ વખત વર્તુળની ધારા કરતાં. હાથમાં ત્રણ પ્રગટાવેલી અગરબત્તી રાખી મંત્રોચ્ચાર, પ્રાર્થના વિગેરે મનોમન કરતાં. પાણીના વર્તુળની બહાર અમે સહુ ગોળાકારમાં ગોઠવાઇ **ૐ મા ૐ** મંત્રનું સમુહમાં લયબધ્ધ ઉચ્ચારણ કરી વાયુમંડળને મંત્રધ્વનિથી આંદોલિત કરતા. વાહન ચાલકો અને રાહદારીઓ પણ અમારા વર્તુળમાં જોડાઇ મંત્રોચ્ચાર કરવા લાગતાં. પૂજયશ્રીની મનોમન પ્રાર્થના દરમિયાન ધૂંધળી આકૃતિમાં પ્રેતાત્માઓ જળવર્તુળની બહાર નિ:સહાય દશામાં બેસી જતાં અને પૂજયશ્રી તેમના મસ્તકે પોતાનો હાથ પધરાવી મુકિત આપતાં. કાંગલી, ચમેલી, હરદોલી, હોલી ડે હોમ, રીંગના બોડી આમ કુલ છ જગ્યાએ **૪૧ પ્રેતાત્માઓને** મુકિત આપી, લોકોને ભયમાંથી મુકત કર્યા. પૂજયશ્રીએ જણાવ્યું કે“ હવે આ જગ્યાએ પ્રેતાત્માના ઉપદ્રવથી અકસ્માત થશે નહિં.”

## (૧૪) મહાશિવરાત્રી - પ્રશ્નોત્તરી

*પ્રસંગ - મહાશિવરાત્રી.* *પ્રશ્નકર્તા - સતીશભાઇ ભટ્ટ.*
*સ્થળ - શ્રધ્ધા કુટીર, અમદાવાદ.* *ઉત્તરદાતા - રાજયોગીનરેન્દ્રજી.*

### "મહાશિવરાત્રી"

(૧) **સતીશભાઇ** :- શરીરે ધર્યાં ૐ ના શણગારો,
લઇ શિવથી રાખ મનને ઉજાળો,
છતાં તન ઉપર રાજવી ઠાઠ ભારો,
કહો સાથમાં શી રીતે બે નિભાવો ?

**રાજયોગીજી :- શિવ-શક્તિનો સહ-વાસ મુજમાં,
ઉભયનો આનંદ ઉભરાયે,
પરમ શક્તિ સજાવે, શણગારે મુજને,
બાળ સમ વાત્સલ્ય માણતો રહું.**

**વિવરણ :-** શિવ અને શક્તિ બંને મારા હૃદયમાં સાથે વાસ કરે છે. મારૂં સમસ્ત અસ્તિત્વ તેમનાથી જ છવાયેલું છે. બંનેનો આનંદ, પ્રેમ મારા પર સતત ઉભરાયા કરે છે. મા ભગવતી મને દૈવી ગુણો અને આભૂષણોથી શણગારે છે અને વિશિષ્ટ શક્તિઓ મારામાં સંક્રાંત કરી મને સજાવે છે. બાળ સહજ નિર્દોષ ભાવે હું શિવ-શક્તિનું વાત્સલ્ય માણતો રહું છું.

(૨) **સતીષભાઇ** :- સદા શિવ-મસ્તી રહી હોઠે હસતી,
વિરહ માતથી આંખ તોય નીતરતી,
ભોળાં અમે વાત સમજી શક્યા ના,
તમે શિવ કે શક્તિના-સુત કોના ?

**રાજયોગીજી :- શિવ-શક્તિનો વારસો,
સદાય વહેતો રહે મુજમાં,
તાત શિવજી, માત શક્તિ,
બાળ છું ઉભયનો,
વાત્સલ્ય માણતો રહું,
સેવા કાર્ય કરતો રહું.**

**વિવરણ :-** મારા આધ્યાત્મિક માતા પિતા, શક્તિ મા ભગવતી અને શિવનો આધ્યાત્મિક ગુણ અને શક્તિનો વારસો મારામાં સદાય વહેતો રહે છે.

હું ઉભય માત-તાતનું વાત્સલ્ય માણતો રહું છું, બાળ સહજ નિર્દોષ ચેષ્ટાઓ કરી આનંદ અર્પતો રહું છું. વળી ઉભયના આદેશ અનુસાર સેવા કાર્ય કરતો રહું છું.

(૩) **સતીષભાઇ** :- તમે દિવ્ય માતા તણી છો કવિતા,
જગે પ્રેમની વહેતી ખળખળ સરિતા,
સદા શિવ સાથે રચો તાંડવો તો,
જગતના રહો રાજ કે યોગી કે'શો ?

**રાજયોગી :- રાજ છું માતનો યોગી છું તાતનો,**
**ઉભયનો સંગ માણતો રહું,**
**આદેશ આચરતો રહું,**
**આનંદ અર્પતો રહું,**
**રાસ તાંડવ ખેલતો રહું,**
**રાજયોગી રૂપે જગમાં વિહરતો રહું.**

**વિવરણ :-** મા ભગવતીએ ૧૯૭૫ માં પૂજા દરમિયાન મારા રાજયોગ વિષે વારંવાર નિર્દેશ કર્યો હતો. વળી પ્રથમથી જ રાજવી વ્યક્તિત્ત્વ અને સ્વભાવ વારસામાં મળેલાં છે. એટલે માતાજીનો હું રાજવી-રાજકુંવર છું. આધ્યાત્મિકતાના રંગે રંગાયેલું મારૂં ભીતર સાદું, સરળ અને પરોપકારથી સભર છે, મારૂં ભીતર યોગી જેવું છે જેથી હું તાત શિવજીનો યોગી બાળ છું.

એકી સાથે બંને શિવ-શક્તિનો સંગ હું માણતો રહું છું. વાત્સલ્ય માણતો રહું છું અને તેમને ગમે તેવાં આચરણ કરી, તેમને આનંદ આપવા પ્રયત્નશીલ રહું છું. તેમના આદેશનું પાલન કરતો રહું છું. રાજવી અને યોગીનો એક સાથે સમન્વય સાધીને રાજયોગી રૂપે જગતમાં સેવા કાર્ય કરતો રહું છું.

**(૪) સતીષભાઇ :-** પીધું શિવજીએ હળાહળ જગતમાં
બસ એકવેળા, બન્યું પણ પ્રતિષ્ઠા,
ખરો સંગનો રંગ લાગ્યો તમોને,
તમે તો પીઓ રોજ જગને કટોરે.

**રાજયોગીજી :- જગત લાવે હળાહળ ભરીને કટોરા,**
**તાતની ગંગધારમાં વહાવું હળાહળને,**
**માતની આશિષનું અમૃત ભરી,**
**પરત કરૂં એ કટોરા.**
**આવરણ માત તાતનું સદાયે રહે,**
**ન સ્પર્શે હળાહળ જગનું મુજને.**

**વિવરણ :-** મારા સેવા કાર્ય દરમિયાન નિલોષા પર કે દેશ-વિદેશના મુલાકાતના સ્થળોએ લોકો હળાહળ વિષ જેવા સંસારના વિવિધ પ્રશ્નો સુલઝાવવા, માર્ગદર્શન મેળવવા, ઉગરવા મારી પાસે આવે છે. તાત શિવજીની ગંગધાર સમી "મેરા જીવનજળનો" આદેશ, પરમશક્તિ મંત્રજાપનું રટણ તેમજ પ્રશ્નોને સુલઝાવતા અન્ય અનુરૂપ સૂચનો ધ્વારા તેમનું વિષ વહાવવા પ્રયત્ન કરૂં છું. માતાજીના આશિષનું અમૃતથી આવતા મુલાકાતીના મનને શાતા અર્પવા પ્રયત્ન કરૂં છું.

વળી શિવ-શક્તિના આશીર્વાદનું આવરણ મારા અસ્તિત્ત્વને સદાય રક્ષતું રહે છે જેથી જગતના લોકોના દુ:ખ દર્દો, મને પરેશાન કરી શકતા નથી.

**(૫) સતીષભાઇ :-** મળ્યાં છે મને જ્યારથી તેજ ધાત્રી,
પળેપળ બની છે મહા શિવરાત્રી,
ઉગે ભાણ કે ના, ફિકર શી અમોને,
પળેપળ મને તેજની ખાત્રી-ખાત્રી.

**રાજયોગીજી :- માતનું તેજ લઇને વિચરૂં,**
**મીટાવવા રાત્રિ જગમાં,**

**શશી સૂર્યને સાથમાં રાખું,**
**મશાલ ક્રાંતિતણી લઇને ફરૂં.**

**વિવરણ :-** માતાજીની શક્તિ અને તેજ લઇને જગતમાં અજ્ઞાનતા, ધર્મમાં પ્રવર્તતી અંધ શ્રધ્ધા, કુરિવાજોને મિટાવવા હું પ્રયત્ન કરી રહ્યો છું. ચાંદની શીતળતા અને સૂર્યના પ્રકાશને સાથમાં રાખીને ક્રાંતિની મશાલ લઇને હું જગતમાં ફરૂં છું.

(૬) **સતીષભાઇ** :- સદાય તમારે મહા શિવરાત્રી,
બની જાય માતે મિલન નવરાત્રી,
પધારે સખા કૃષ્ણ લઇ મોહરાત્રી,
ભલા સંયમી ! રાત દિન શું તમારે ?

**રાજયોગીજી :- શિવરાત્રી, નવરાત્રી કે મોહરાત્રી,**
**સદાય ખેલાતી રહે મુજ જીવનમાં,**
**શિવ-શક્તિ ને કૃષ્ણ સખા સંગે,**
**દિવસ કે રાત્રિમાં ન પડે કંઇ ફરક,**
**તાંડવ, ગરબા ને રાસ ખેલાતા રહે,**
**રાજયોગીને ભક્તો માણતા રહે.**

**વિવરણ :-** શિવજીના પ્રાગટ્યને શિવરાત્રી,
શક્તિના પ્રાગટ્યને નવરાત્રિ,
કૃષ્ણના પ્રાગટ્યને જન્માષ્ટમી કે મોહરાત્રિ તરીકે ઉજવવામાં આવે છે આ મહા શક્તિનાં પ્રાગટ્ય અંધકારને, માનવજીવનમાં પ્રવર્તતા અજ્ઞાન, અંધ શ્રધ્ધા, અરાજકતાને વિદારવા માટે છે.

મહા શક્તિના આદેશ અને માર્ગદર્શન અનુસાર મારા જીવનમાં આરંભાયેલા સેવા કાર્ય દ્વારા, માનવજીવનમાં વ્યાપેલ અંધકારને વિદારવાનો હું પ્રયત્ન કરી રહ્યો છું.

માત, તાત અને સખા કૃષ્ણની સાથે હું હંમેશાં અનુસંધાન કરતો રહું છું, તેઓની મસ્તીને માણતો રહું છું. મારામાં સંક્રાંત થયેલ આ વિશિષ્ટ શક્તિ અને મસ્તીને મારા સાનિધ્યમાં ભક્તો માણતા રહે છે.

(૭) **સતીષભાઇ** :- હશે શિવ કે શક્તિની રાત પણ શું ?
તફાવત પડે રસ પીનારમાં શો ?
ઉડાડો તમે રાખ કે ડાંડીયા લો,
સંસાર કે સ્વપ્નમાં ભેદ પણ શો ?

**રાજયોગીજી :- શિવ શક્તિની રાતમાં,**
**શશી સૂર્યનો પ્રકાશ પથરાય,**
**રસ પીનારમાં મસ્તી ઉભરાય,**
**સંસાર સ્વપ્નવત્ સરકી જાય,**
**રંગીલા ને રાખનો સમન્વય સધાય,**
**રાજ ને યોગ સાથે નિભાવાય.**

**વિવરણ :-** શિવ અને શક્તિની સાથે રાત-અંધકાર-અજ્ઞાન ટકી શકતું જ નથી. તેમની સાથે તો હંમેશાં શશીની શિતળ ચાંદની અને સૂર્યનો પ્રકાશ હંમેશા પથરાયેલો જ રહે છે. શશી અને સૂર્યના સાનિધ્યથી,

સંગથી જીવનમાં આનંદ છવાઇ જાય, સંસારની કોઇ કલુષિતતા અનુભવાય નહિં ત્યારે સંસાર એક સ્વપ્નની જેમ સરકી જાય.

મારા જીવનમાં શશી અને સૂર્યનો સમન્વય સધાયેલો છે. નવરાત્રીમાં માતાજી સાથે રંગીલાથી ગરબા ખેલું અને શિવરાત્રીએ શિવજી સંગ ભસ્માંગલેપન કરૂં, છતાં પણ સંસાર અને સન્યસ્તને હું સાથે નિભાવું છું. પરમાત્માના સાનિધ્યમાં રહેવા માટે સંસાર છોડવાની જરૂર નથી.

(૮) **સતીષભાઇ** :- ભલે કામને આંખ ત્રીજીથી બાળ્યો,
મળ્યો ભીલડી સંગ શાને ન ટાળ્યો ?
શિરચ્છેદ પશ્ચાદ ! છે બાળ કોનો ?
નમું શિવજી ! આવો વ્યવહાર ભાળ્યો !

**રાજયોગીજી** :- **શિવજી રહ્યા સદાય અવિકારી,**
**કામ, મોહ કે ક્રોધ ન સ્પર્શે લગીરે,**
**ભીલડીની ભીતર નિહાળી ઉમાની તસ્વીર,**
**અર્ધનારેશ્વર સ્વ અંગને પહેચાને,**
**બાળને અર્પવા પ્રથમ સ્થાન જગમાં,**
**આદર્યો માનવીય વ્યવહાર જગમાં.**

**વિવરણ :-** શિવજી તો સદાય કલ્યાણકારી, અવિકારી છે.

વિકારી જીવ તેમની સામે ટકી શકતો નથી.

જ્ઞાન ચક્ષુથી તે અજ્ઞાનને બાળી નાખે છે.

ભીલડીના રૂપમાં, પરિવેષમાં શિવજીની સામે આવેલ ઉમાને પરમાત્મા પહેચાને છે, પોતાના જ અંગને તો ઓળખી જ જાયને !

ગણપતિનો શિરચ્છેદ એ લોકોકિત છે પરંતુ ગણપતિને જગતમાં પ્રથમ પૂજનીય સ્થાન પ્રાપ્ત કરાવવા માટે તો શિરચ્છેદ નહિ કર્યો હોય ? પરમાત્માને પણ ક્યારેક માનવસહજ વ્યવહાર આચરવો પડતો હશે.

(૯) **સતીષભાઇ** :- અરે ભુત ભેળા સ્મશાનો ગજવતા,
ચિતા રાખથી શાખ શિવજી ઉજવતા,
વિસામો કરે વિષધર નિલકંઠે,
કહો, રાજ ભોળા ભુવનનાથ કેવા ?

**રાજયોગીજી** :- **પંચમહાભૂતોની ભીડ જામે નિલોષા પરે,**
**ત્રિવિધ તાપોથી તપતા આર્તનાદો ઉઠે,**
**વહેતી કરૂં આશીષની ગંગધારા,**
**બુઝાવી તાપ, અર્પું શાતા જગતને.**

**વિવરણ :-** નિલોષા પર મારી મુલાકાતે આવતા માણસોની ભીડ જામે છે. પંચમહાભૂતથી જ દરેક માનવ શરીર ઘડાયેલું છે. સંસારમાં ત્રિવિધ તાપ, આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત થઇ, આ માનવો આર્તનાદ કરી મૂકે છે. ત્રિવિધ તાપમાંથી ઉગરવા, બચવા તેઓ ફાંફા મારે છે.

મારી વ્યક્તિગત મુલાકાત દરમિયાન તેઓની વિમાસણોને હું વહેવા દઉં છું. મેરા જીવનજળ, અને આશિષની ગંગધારાને વહાવી તેમનાં તાપને બુઝાવવા પ્રયત્ન કરૂં છું. તેમના હૃદયના ભારને, ચિંતા અને

ઉપાધિના બોજને હળવો કરી, મનની શાંતિ અર્પું છું. શક્તિનું સિંચન કરૂં છું.

**(૧૦) સતીષભાઇ** :- આપની રોજીંદી જીવનશૈલી, આપની આધ્યાત્મિકતા, આપની દિવ્ય માતૃ ભક્તિ અને પ્રાર્થના તથા સંસારને આપે આપેલી ભક્તિની રીત નીચેની પંક્તિઓમાં ઓતપ્રોત અને અટવાતી દષ્ટિગોચર થયા કરે છે.

આપશ્રી આ પંક્તિઓનું વિવરણ કરવા કૃપા કરશોજી.

દિલકી લગી કો ક્યા દેખે ? કભી દિલ જલા કે દેખ,<br>
આંસુ બહા કે દેખ, કભી મુસ્કુરાકે દેખ,<br>
પરવાના જલ રહા હૈ,મગર જલ રહા હૈ ક્યું ?<br>
એ રાઝ જાનના હૈ, ખુદકો જલા કે દેખ.

**રાજયોગીજી :- આ પંક્તિઓ પ્રેમની ઉત્કૃષ્ટ સ્થિતિને, પ્રેમની ન્યોછાવરીને રજૂ કરે છે.**

**"મૈં તુમમેં સમા જાઉં, તુમ મુજમેં સમા જાઓ"**

**વિવરણ :-** આધ્યાત્મિક ઉન્નતિ , પરમની પ્રાપ્તિ, પરમના દર્શન અને પરમના સાક્ષાત્કાર માટે જીવે-મનુષ્યે શિવમાં, પોતાના ઇષ્ટદેવમાં ન્યોછાવર થવું પડે. આવું બને ત્યારે જ જીવ-શિવનું અદ્વૈત સાધી શકાય. જીવનું સ્વત્રંત અસ્તિત્વ જ ન રહે, તે પરમમાં ઓગળી જાય, વિલિન થઇ જાય.

આવી પરિસ્થિતિ નિર્માણ થાય તો જીવે પરમાત્માને શોધવા બહાર ક્યાંક જવું ન પડે, મંદિર કે તીર્થાટનોમાં પણ જવાની જરૂર ન પડે. સ્વયમ્ તીર્થ બની જાય.

પતંગિયુ દીપકના તાપથી તપી જાય, દાઝી જાય તો પણ દીપકની જ્યોતમાં જ ન્યોછાવર થઇ જાય છે, સ્વનું અસ્તિત્વ ગુમાવી દે છે. તેવી જ રીતે મનુષ્યે પરમાત્મામાં ઓતપ્રોત થવા માટે, અદ્વૈત સાધવા માટે પોતે તપવું પડે, શુધ્ધ થવું પડે. આંતરબાહ્ય પવિત્રતા સધાય, સાત્વિક ગુણોથી સભર થવાય, મન, વચન, કર્મની ઐકયતા, પવિત્રતા સાધી શકાય, માનવતા મહેંકાવી શકાય, નવ સિધ્ધાંતોનું આચરણ કરી શકાય તો જ પરમાત્માના પ્રીતિ પાત્ર બની શકાય. પરમાત્માનો સાક્ષાત્કાર પામી શકાય. ઇશ્વર સ્વયમ્ આવા સાત્વિક આત્માઓને મળવા આવે છે. તેમનું કાર્ય તેઓશ્રી સ્વયમ્ પોતે કરે છે.

**(૧૧) સતીષભાઇ** :- આપના આધ્યાત્મિક ઉત્તર રૂપે કાવ્યમાં પાદપૂર્તિ કરવા વિનંતી.

જો તારસે નીકલી હૈ, વો ધૂન સબને સૂની હૈ,<br>
જો સાજપે બીતી હૈ, વો કિસ દિલકો પતા હૈ ?

**રાજયોગીજી :- જો માતૃ વાત્સલ્યસે બહા હૈ, વો અમૃત રાજબાળને પીયા હૈ,**<br>
**જો રાજયોગી હૃદયસે બહતી હૈ, વો પ્રેમગંગા જગને અનુભવી હૈ,**<br>
**જો રાજ મેં 'ૐ' કાર કૈસે બસે, વો કિસકો પતા હૈ ?**

**વિવરણ :-** સિતારના તાર ઝંકૃત કરતાં જે સંગીતમય શબ્દ સુરાવલી નીકળે છે, સ્પંદિત થાય છે તે બધાંને સંભળાય છે પરંતુ અન્યને કર્ણપ્રિય મધુર સંગીત સંભળાવનાર એ સિતાર પર શું વીતતું હશે તેની કોને ખબર છે ?

જગન્માતા પરમશક્તિનું માતૃવાત્સલ્ય, બાળ રાજયોગી પર એટલું બધું વરસી ગયું કે, તેમાંથી વહેતી અમૃતધારાનું રાજબાળે-બાળ રાજયોગીએ પયપાન કર્યું.

સેવા યજ્ઞમાં વહેતી પ્રેમની પવિત્ર ગંગાસમી ધારાને જગતના લોકોએ, મુમુક્ષુઓએ અનુભવી છે. પરંતુ રાજયોગીમાં ૐ કાર કેવી રીતે વસી ગયાં, રોમેરોમમાં અંકિત થઇ ગયા તેની કોને ખબર છે ?

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

મે-જૂન-૨૦૦૦

## યુ.એસ.એ.

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૨૦-૫-૨૦૦૦ | શનિવાર | સાંજે ૭ થી ૯ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૨૧-૫-૨૦૦૦ | રવિવાર | સવારે ૧૦ થી | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |

**યજ્ઞ અને મુલાકાત**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૫-૨૦૦૦ | શનિવાર | સાંજે ૭ થી ૯ | યુનીયન સીટી | રતીલાલ મીસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૮-૫-૨૦૦૦ | રવિવાર | સાંજે ૭ થી ૯ | યુનીયન સીટી | રતીલાલ મીસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૦૧-૬-૨૦૦૦ | ગુરૂવાર | સાંજે ૭ થી ૯ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૦૪-૬-૨૦૦૦ | રવિવાર | સવારે ૧૦ થી | પીસ્કાટવે ન્યુજર્સી | કલ્પના પટેલ | ૭૩૨-૯૮૫-૫૫૪૬ |

**યજ્ઞ અને મુલાકાત**

જુલાઈ-ઓગસ્ટ-૨૦૦૦

## યુ.કે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૭-૨૦૦૦ | શનિવાર | સાંજે ૩ થી ૬ | બ્રેડફોર્ડ | મોહનલાલ પટેલ | ૦૧૨૭૪-૫૦૨-૬૬૫ |
| ૨૩-૭-૨૦૦૦ | રવિવાર | સાંજે ૪ થી ૭ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૪-૭-૨૦૦૦ | સોમવાર | સાંજે ૪ થી ૭ | લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૯-૭-૨૦૦૦ | શનિવાર | સાંજે ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨૩૦૨૯ |
| ૩૦-૭-૨૦૦૦ | રવિવાર | સાંજે ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમૃતલાલ પોપટ | ૦૧૮૧-૯૦૨૩૦૨૯ |
| ૩૧-૭-૨૦૦૦ | સોમવાર | સાંજે ૩ થી ૫ | ક્રોયડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૧૮૧-૬૭૯૮૬૬૮ |

## યુ.એસ.એ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૮-૨૦૦૦ | શનિવાર | સાંજે ૬ થી ૮ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |
| ૬-૮-૨૦૦૦ | રવિવાર | સાંજે ૬ થી ૮ | યુનીયન સીટી | રતીલાલ મીસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૮-૮-૨૦૦૦ | મંગળવાર | સાંજે ૭ થી ૯ | કોલોનિયા ન્યુજર્સી | દેવબાળા પટેલ | ૭૩૨-૩૮૮૨૪૬૧ |

# સમાચાર

૧. તા. ૨૨-૪-૨૦૦૦ થી તા. ૨૫-૬-૨૦૦૦ સુધી પૂજ્યશ્રીનો વિદેશનો કાર્યયજ્ઞ હોઇ નિલોષા બંધ રહેશે.

૨. **સુરત પ્રોગ્રામ :**
**તા.** ૨૩-૬-૨૦૦૦ શુક્રવાર અને તા.૨૪-૬-૨૦૦૦ શનિવાર
**સમય :** ૧૨ થી ૪
**સ્થળ :** વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, દયાલબાગ પાસે, મજુરાગેટ - સુરત.

૩. તા. ૨૬-૬-૨૦૦૦ સોમવારથી નિલોષા પર પૂજ્યશ્રીની ચાલુ રહેશે.

૪. તા. ૧૫-૭-૨૦૦૦ થી તા. ૨૭-૮-૨૦૦૦ સુધી તહેવાર તેમજ વિદેશનો કાર્યયજ્ઞ હોઇ નિલોષા બંધ રહેશે.

૫. **સુરત પ્રોગ્રામ :**
**તા.** ૨૫-૮-૨૦૦૦ શુક્રવાર અને તા.૨૬-૮-૨૦૦૦ શનિવાર
**સમય :** ૧૨ થી ૪
**સ્થળ :** વિજયનગર કો. ઓ. હા. સોસાયટી, દયાલબાગ પાસે, મજુરાગેટ - સુરત.

૬. તા. ૨૮-૮-૨૦૦૦ સોમવારથી નિલોષા પર પૂજ્યશ્રીની મુલાકાત ચાલુ રહેશે.

૭. તા. ૧૬-૭-૨૦૦૦ રવિવારે ગુરૂપૂર્ણિમા છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.
**સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦
**સ્થળ :** પી. જી. મહેતા હોલ, શંકર આશ્રમ સામે, રાજનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૮. તા. ૭-૯-૨૦૦૦ ગુરૂવાર માનવતાદિન છે.
પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.
**સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦
**સ્થળ :** પી. જી. મહેતા હોલ, શંકર આશ્રમ સામે, રાજનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૯. આસો નવરાત્રિ તા. ૨૮-૯-૨૦૦૦ થી ૬-૧૦-૨૦૦૦ સુધી અનુષ્ઠાન કરવા ઇચ્છતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

**ૐમાૐ**